# અહો શ્રુતજ્ઞાનમ્ ગ્રંથ જીર્ણોદ્ધાર


**શ્રી આશાપૂરણ પાર્શ્વનાથ જૈન જ્ઞાનભંડાર**

હીરાજૈન સોસાયટી, રામનગર, સાબરમતી, અમદાવાદ-૩૮૦૦૦૫.

(મો.) ૯૪૨૬૫૮૫૯૦૪ (ઓ) ૨૨૧૩૨૫૪૩ (રહે.) ૨૭૫૦૫૭૨૦


---

પ્રાયઃ જીર્ણ અપ્રાપ્ય પ્રત-પુસ્તકોને સ્કેન કરાવીને ૫૪ પુસ્તકોના સેટ નં.-૧ ની

ડી.વી.ડી. **(DVD)** બનાવી તેની યાદી ----- ઈ. સ. ૨૦૦૯ (સં. ૨૦૬૫)

*આ પુસ્તકો www.jainelibrary.org / www.jainelibrary.com વેબસાઇટ પરથી પણ ડાઉનલોડ કરી શકાશે.*

| ક્રમાંક | પુસ્તકનું નામ | કર્તા-ટીકાકાર-સંપાદક | પૃષ્ઠ |
|---|---|---|---|
| 001 | श्री नंदीसूत्र अवचूरी | पू. विक्रमसूरिजी म.सा. | 238 |
| 002 | श्री उत्तराध्ययन सूत्र चूर्णी | पू. जिनदासगणि चूर्णीकार | 286 |
| 003 | श्री अर्हद्गीता-भगवद्गीता | पू. मेघविजयजी गणि म.सा. | 84 |
| 004 | श्री अर्हच्चूडामणि सारसटीकः | पू. भद्रबाहुस्वामी म.सा. | 18 |
| 005 | श्री यूक्ति प्रकाशसूत्रं | पू. पद्मसागरजी गणि म.सा. | 48 |
| 006 | श्री मानतुङ्गशास्त्रम् | पू. मानतुंगविजयजी म.सा. | 54 |
| 007 | अपराजितपृच्छा | श्री बी. भट्टाचार्य | 810 |
| 008 | शिल्प स्मृति वास्तु विद्यायाम् | श्री नंदलाल चुनिलाल सोमपुरा | 850 |
| 009 | शिल्परत्नम् भाग-१ | श्रीकुमार के. सभात्सव शास्त्री | 322 |
| 010 | शिल्परत्नम् भाग-२ | श्रीकुमार के. सभात्सव शास्त्री | 280 |
| 011 | प्रासादतिलक | श्री प्रभाशंकर ओघडभाई | 162 |
| 012 | काश्यशिल्पम् | श्री विनायक गणेश आपटे | 302 |
| 013 | प्रासादमञ्जरी | श्री प्रभाशंकर ओघडभाई | 156 |
| 014 | राजवल्लभ याने शिल्पशास्त्र | श्री नारायण भारती गोंसाई | 352 |
| 015 | शिल्पदीपक | श्री गंगाधरजी प्रणीत | 120 |
| 016 | वास्तुसार | श्री प्रभाशंकर ओघडभाई | 88 |
| 017 | दीपार्णव उत्तरार्ध | श्री प्रभाशंकर ओघडभाई | 110 |
| 018 | જિનપ્રાસાદ માર્તણ્ડ | શ્રી નંદલાલ ચુનીલાલ સોમપુરા | 498 |
| 019 | जैन ग्रंथावली | श्री जैन श्वेताम्बर कोन्फ्रन्स | 502 |
| 020 | હીરકલશ જૈન જ્યોતિષ | શ્રી હિમ્મતરામ મહાશંકર જાની | 454 |
| 021 | न्यायप्रवेशः भाग-१ | श्री आनंदशंकर बी. ध्रुव | 226 |
| 022 | दीपार्णव पूर्वार्ध | श्री प्रभाशंकर ओघडभाई | 640 |
| 023 | अनेकान्त जयपताकाख्यं भाग-१ | पू. मुनिचंद्रसूरिजी म.सा. | 452 |
| 024 | अनेकान्त जयपताकाख्यं भाग-२ | श्री एच. आर. कापडीआ | 500 |
| 025 | प्राकृत व्याकरण भाषांतर सह | श्री बेचरदास जीवराज दोशी | 454 |
| 026 | तत्पोपप्लवसिंहः | श्री जयराशी भट्ट, बी. भट्टाचार्य | 188 |

| | | | |
|---|---|---|---|
| 027 | शक्तिवादादर्शः | श्री सुदर्शनाचार्य शास्त्री | 214 |
| 028 | क्षीरार्णव | श्री प्रभाशंकर ओघडभाई | 414 |
| 029 | वेधवास्तु प्रभाकर | श्री प्रभाशंकर ओघडभाई | 192 |
| 030 | शिल्परत्नाकर | श्री नर्मदाशंकर शास्त्री | 824 |
| 031 | प्रासाद मंडन | पं. भगवानदास जैन | 288 |
| 032 | श्री सिद्धहेम बृहद्वृत्ति बृहन्न्यास अध्याय-१ | पू. लावण्यसूरिजी म.सा. | 520 |
| 033 | श्री सिद्धहेम बृहद्वृत्ति बृहन्न्यास अध्याय-२ | पू. लावण्यसूरिजी म.सा. | 578 |
| 034 | श्री सिद्धहेम बृहद्वृत्ति बृहन्न्यास अध्याय-३ (१) | पू. लावण्यसूरिजी म.सा. | 278 |
| 035 | श्री सिद्धहेम बृहद्वृत्ति बृहन्न्यास अध्याय३ (२) (३) | पू. लावण्यसूरिजी म.सा. | 252 |
| 036 | श्री सिद्धहेम बृहद्वृत्ति बृहन्न्यास अध्याय-५ | पू. लावण्यसूरिजी म.सा. | 324 |
| 037 | વાસ્તુનિઘંટુ | પ્રભાશંકર ઓઘડભાઈ સોમપુરા | 302 |
| 038 | તિલકમઞ્જરી ભાગ-૧ | પૂ. લાવણ્યસૂરિજી | 196 |
| 039 | તિલકમઞ્જરી ભાગ-૨ | પૂ. લાવણ્યસૂરિજી | 190 |
| 040 | તિલકમઞ્જરી ભાગ-૩ | પૂ. લાવણ્યસૂરિજી | 202 |
| 041 | સપ્તસન્ધાન મહાકાવ્યમ્ | પૂ. વિજયઅમૃતસૂરિશ્વરજી | 480 |
| 042 | સપ્તભઙ્ગીમિમાંસા | પૂ. પં. શિવાનન્દવિજયજી | 228 |
| 043 | ન્યાયાવતાર | સતિષચંદ્ર વિદ્યાભૂષણ | 60 |
| 044 | વ્યુત્પત્તિવાદ ગુઢાર્થતત્ત્વાલોક | શ્રી ધર્મદત્તસૂરિ (બચ્છા ઝા) | 218 |
| 045 | સામાન્યનિર્યુક્તિ ગુઢાર્થતત્ત્વાલોક | શ્રી ધર્મદત્તસૂરિ (બચ્છા ઝા) | 190 |
| 046 | સપ્તભઙ્ગીનયપ્રદીપ બાલબોધિનીવિવૃત્તિઃ | પૂ. લાવણ્યસૂરિજી | 138 |
| 047 | વ્યુત્પત્તિવાદ શાસ્ત્રાર્થકલા ટીકા | શ્રીવેણીમાધવ શાસ્ત્રી | 296 |
| 048 | નયોપદેશ ભાગ-૧ તરઙ્ગિણીતરણી | પૂ. લાવણ્યસૂરિજી | 210 |
| 049 | નયોપદેશ ભાગ-૨ તરઙ્ગિણીતરણી | પૂ. લાવણ્યસૂરિજી | 274 |
| 050 | ન્યાયસમુચ્ચય | પૂ. લાવણ્યસૂરિજી | 286 |
| 051 | સ્યાદ્યાર્થપ્રકાશઃ | પૂ. લાવણ્યસૂરિજી | 216 |
| 052 | દિન શુદ્ધિ પ્રકરણ | પૂ. દર્શનવિજયજી | 532 |
| 053 | બૃહદ્ ધારણા યંત્ર | પૂ. દર્શનવિજયજી | 113 |
| 054 | જ્યોતિર્મહોદય | સં. પૂ. અક્ષયવિજયજી | 112 |

## "અહો શ્રુતજ્ઞાનમ્" ગ્રંથ જીર્ણોધ્ધાર – ૧૭

શિલ્પશાસ્ત્ર ગ્રંથ

# દીપાર્ણવ ઉત્તરાર્ધ

: દ્રવ્ય સહાયક :

અધ્યાત્મયોગી આચાર્ય મહારાજા શ્રી કલાપૂર્ણસૂરીશ્વરજી મ.સા.ને જ્ઞાનનો એટલો રસ, વિહાર ગમે તેટલો કરીને આવ્યા હોય છતાં મહાત્માઓને વાચના આપે જ, તેઓશ્રીના હાથમાં પુસ્તક હોય જ, ક્યારે પણ પુસ્તક વીના બેઠેલા જોયા નથી... જેઓશ્રીએ જ્ઞાન માટે અથાગ મહેનત કરી હતી એવા અધ્યાત્મયોગી પ.પૂ. કલાપૂર્ણસૂરીશ્વરજી મહારાજાના પટ્ટપ્રભાવક ગચ્છનાયક પ.પૂ. કલાપ્રભસૂરીશ્વરજી મહારાજાના આજ્ઞાવર્તીની સરલ સ્વભાવી પ.પૂ. ન્યાયશ્રીજીના શિષ્યા માતૃહૃદયા પ.પૂ. વિદ્યુતપ્રભાશ્રીજીના શિષ્યા વિક્રમઇન્દ્રાશ્રીજીના શિષ્યા શ્રીઈન્દ્રયશાશ્રીજી મ.સા.ની પ્રેરણાથી કેશવબાગ કોલોનીના બહેનોની જ્ઞાનખાતાની ઉપજમાંથી

: સંયોજક :


શાહ બાબુલાલ સરેમલ બેડાવાળા

શ્રી આશાપૂરણપાર્શ્વનાથ જૈન જ્ઞાનભંડાર

શા. વીમળાબેન સરેમલ જવેરચંદજી બેડાવાળા ભવન

હીરાજૈન સોસાયટી, સાબરમતી, અમદાવાદ-૩૮૦૦૦૫

(મો.) ૯૪૨૬૫૮૫૯૦૪ (ઓ.) ૨૨૧૩૨૫૪૩ (રહે.) ૨૭૫૦૫૭૨૦



સંવત ૨૦૬૫ ઈ.સ. ૨૦૦૯



"Aho Shrutgyanam"

"Aho Shrutgyanam"

॥ श्रीविश्वकर्मणे नमः ॥

श्री विश्वकर्मा प्रणित

# ॥ दीपार्णव ॥

ઉત્તરાર્ધ

સટીક

# DIPARNAV

By:

**VISHWAKARMA**


સંપાદક:

**પદ્મશ્રી પ્રભાશંકર ઓઘડભાઈ સોમપુરા**

શિલ્પવિશારદ

Edited By:

**Padmashri Sthapati Prabhashanker O. Sompura**
**Arehitect Shilpvisharad.**



પ્રકાશક:

**શ્રી બલવંતરાય પ્ર. સોમપુરા અને બંધુઓ**

૩ પથીક સોસાયટી, અમદાવાદ-૧૩.

પ્રથમાવૃત્તિ પ્રત. ૧૦૦૦

વિ. સં. ૨૦૩૨ સને ૧૯૭૬



"Aho Shrutgyanam"

# શિલ્પસ્થાપત્યના ગ્રંથપ્રાપ્તિસ્થાન

Shilpa Books Will be, Available At
Padmashry PRABHASHANKER O. SOMPURA
ARCHITECT SHILP-VISHARD
3 Pathik Society. Behind S. P. Colony
AHMEDAAAD-13.

**१ बलवंतराय पी. सोमपुरा**
३ पथीक सोसायटी, अहमदाबाद-१३.
**२ एन एम त्रिपाठी बुकसेलर**
प्रीन्सेस स्ट्रीट, मुंबई-२.

(1) B. P. Sompura
3, Pathik Society, AHMEDABAD-13.
(2) N. M. TRIPATHI & CO.
Princes Stret. BOMBAY-2.

मूल्य : रु 50/- पेज पृथक
PRICE


मुद्रक :
**श्री मणिलाल छगनलाल शाह**
नवप्रभात प्रिन्टींग प्रेस,
घीकांटा, अहमदाबाद-१


"Aho Shrutgyanam"

## श्री विश्वकर्मा प्रणीत वास्तुविद्यायां ज्ञानप्रकाश दिपार्णव

## राजस्थान अने गुजरातनी समविषमता

### पूर्वार्ध


| राजस्थान प्रतमां | | गुजरात सौराष्ट्र प्रतमां | |
|---|---|---|---|
| १ आयतत्वाधिकार | ९४ | १ आयतत्वाधिकार | ९४ |
| २ पुरुषस्याधिकार | १० | २ पुरुषस्याधिकार | १० |
| ३ जगती लक्षणाधिकार | ३४ | ३ जगती लक्षणाधिकार - तोरणाधिकार | ३४ |
| ४ आऽथर पीठाधिकार | ११ | ४ आऽधराधिकार | २१ |
| ५ प्रासादोदयमान मंडोवराधिकार | ५९ | ५ मंडोवराधिकार (गर्भगृह समाविष्ट छे) | ६२ |
| ६ गर्भगृहाधिकार | १७ | ६ द्वारमान शाखाधिकार | ६६ |
| ७ द्वारमानाधिकार—द्वार शाखा | ४९ | ७ देवतादिग्मुखाधिकार | १७ |
| ८ देवता दिग्मुखाधिकार | १३ | ८ देवता द्रष्टि पदस्थापनाधिकार | २७ |
| ९ देवता दृष्टि—पदस्थापनाधिकार | २२ | ९ शिखराधिकार | १०५ |
| १० शिखराधिकार | ६१ | १० मेरवादि मंडपाधिकार | ५१+५५ |
| ११ मेरवादि मंडपाधिकार (संयरणाधिकार लुप्त) | ५१ | ११ संवरणाधिकार (राजस्थानथी विशेष छे) | २४ |
| १२ कूर्मशिलाधिकार | १५ | १२ कूर्मशिलाधिकार | १६ |
| १३ राजलिङ्गाधिकार | २६ | १३ राजलिङ्गाधिकार | २५+४० |
| १४ बाणलिङ्गाधिकार | ३५ | १४ बाणलिङ्गाधिकार | ६० |
| | ४८५ | | ७०८ |


### अथ दीपार्णव उत्तरार्ध

### अनुक्रमणिका


| | पृष्ठ | | पृष्ठ |
|---|---|---|---|
| १५ पूजाधिकार | १ | २० खुल्यायतनधिकार | ६६ |
| १६ वास्तुलक्षणमर्माधिकार | ३ | २१ वारुण्यधिकार | ६८ |
| १७ आयतनाधिकार | १७ | २२ जिर्णोद्धार | ७० |
| १८ जलाश्रयाधिकार | ४९ | २३ कीर्तिस्तंभाधिकार | ७२ |
| १९ कपिलिलक्षण | ५६ | | |


"Aho Shrutgyanam"

(ગર્ભગૃહાધિકાર અ. ૬ રાજસ્થાની પ્રત) દીપાર્ણવ ઉત્તરાર્ધ

# પ્રસ્તાવના

ત્રેત્રાયુગમાં માનવી વન પર્વતો સરોવર અને નદીઓને વનરાજીમાં દેવોની સાથે વિહાર કરતા અને કલ્પવૃક્ષથી ઇચ્છીત ભોગ પદાર્થો મેળવતા જ્યારે કલ્પવૃક્ષ અલોપ થયા ત્યારે અન્ય વૃક્ષો નીચે વાસ પર્ણકૂટિ બાંધી કરવા લાગ્યા. પછી સામુદાયિક ગામ વસાવી અનાજ ઉત્પન્ન કરવા લાગ્યા. વાયુ–વર્ષા–તાપ અને શીતતાથી સુરક્ષીત રહેવા સારૂ ઇંદ્ર વરૂણ, વાયુ, અગ્નીની, સ્તુતી કરી વજ્રપાતથી બચવા કરતા.

ભારતીય શિલ્ગ સ્થાપના વાસ્તુ વિદ્યાના તલસ્પર્શી અભ્યાસ માટે તેના પૂર્વાચાર્ય ઋષિમુનીઓએ રચેલા ગ્રંથો સાધન રૂપ છે. પુરાણ કાળના ગ્રંથો ઉપલબ્ધ થતા નથી. અગ્નીપુરાણમાં તેર ગ્રંથોની સુચી આપેલ છે. ઇ. સ. પછીના ગ્રંથોમા ઉપરોક્ત સૂચીના અવતરણો છુટા છુટા પ્રાપ્ત થાય છે.

વિશ્વકર્મા પ્રકાશ. ઉત્તર ભારતનો શિલ્પ ગ્રંથ છે. કાશ્યયશિલ્પ, અને માનસાર એ ગ્રંથો દ્રવિડ શિલ્પને લગતા છે. પુરાણમાં મત્સપુરાણ–અગ્નિપુરાણ ભવિષ્યપુરાણ વિષ્ણુ ધર્મોતર પુરાણમાં કેટલાક અધ્યાયો શિલ્પ વિષયના છે ત્તાંત્રીકગ્રંથોમાં અને નીતિશાસ્ત્રોને જ્યોતિષના અને વિધિવિધાન ગ્રંથોમાં થોડુ શિલ્પ સાહિત્ય મળે છે. પાંચમી સદીના બૃહદસંહિતા અને શુક્રનિતી અને અન્ય નીતિશાસ્ત્રોમાં સપ્તમી સદીના લક્ષણ સમુચ્ચય ઉત્તર ભારતના શીલ્પને લગતો છે તે નેપાળમાં પ્રકાશીત થયેલ છે. વળી સાતમી સદીનો વાસ્તુતિલક ગ્રથ કેશવ દેવ નામે વિદ્વાને પશ્ચિમ ભારતના શિલ્પને કીયાને લગે છે.

વાસ્તુશાસ્ત્રના જુદા જુદા અંગો છે. ભવન, રાજમહેલ, દેવપ્રાસાદ, નગર, દુર્ગ જળાશ્રયો, કુંડો, વાવો, એ સર્વ સ્થાપત્ય. આ સર્વને લગતુ સુંદર રચના મૂર્તિ સ્તંભો તોરણો, ગવક્ષો, દુર્ગદ્વાર, વગેરે સુશોભનને શિલ્પ કહે છે. કે ઉત્કૃષ્ટ શિલ્પને શિલ્પ કહ્યું. છે. પ્રથમ સ્થાપત્ય અને તે અંગેનુ સુશોભન એ શિલ્પ એ રીતે શિલ્પ અને સ્થાપત્યની વ્યાખ્યા જાણવી.

નવમી દશમી સદી સુધીના સ્થાપત્યોની રચના અને તે કાળ પછીની રચનાઓમા થોડું અંતર છે. પ્રાચિન સ્થાપત્યોને અવલંબીને દશચી અગીયારમી સદીના શિલ્પ સ્થાપત્યના ગ્રંથોની રચના થઇ તે પહેલાના સ્થાપત્યોથી થોડી પૃથક શૈલી થઇ તેમજ વિશેષ અલંકૃત થવા લાગી.

પ્રાસાદનું પીઠક્રામદ પ્રકારનુ થતુ. તેના સ્થાને ગજ, અશ્વ–નર પીઠવાળુ મહાપીઠ અલંકૃત થયુ મંદિરની બાહ્ય દિવાલો જે મંડોવર કહેવાંય છે તે વિશેષ ઘાટ અને દેવ દેવાંગના, દીગ્પાલો આદિના સ્વરૂપો થવા લાગ્યા નવમી સદી સુધી શીખરો વિશેષ કરીને એકાડીક થતાં તેના સ્થાને પંચાંડી–નવાંડી અને સહસ્ત્ર અંડકોવાળા શીખરો થવા લાગ્યા

આ બધી શીલ્પીઓની બુદ્ધિ વિકાસની કૃતિનુ પરિણામ છે. તેને લગતા યમ નીયમો ઘડાવા લાગ્યા. અગ્યારમી સદી પછીનું શિલ્પ સાહિત્ય વર્તમાન ક્રીયામાં અસ્તિત્વ ધરાવે છે.

"Aho Shrutgyanam"

મૂર્તિશાસ્ત્ર સંબંધમાં ત્રીજીથી છઠ્ઠી સદી સુધીના ગુપ્ત કાળના જે સુંદર શિલ્પને મૂર્તિઓ થતી તેમાં ક્રમશઃ વિશેષતા નથી થઇ થોડો ફેર પડેલો છે.

પ્રારંભમાં ઇંટ કાષ્ટના અલ્પ જીવી પદાર્થોના સ્થાપત્યો થતાં હશે તેથી જ તેના અવશેષો આપણને ઉપલબ્ધ થતા નથી. પ્રારંભમાં પ્રયોગો થવા લાગ્યા વેદીક. બૌદ્ધ અને જૈનોની ગુફાઓ દેશના પૃથક્ પૃથક્ ભાગમાં કોતરાવાનો પ્રારંભ થયો છે. જ્યાં પહાડો કોતરી શકાયા ત્યાં ગુફાઓ થઈ શકી શત્રુંજય જેવા પવિત્ર પર્વતમાં ગુફાઓ કોતરી શકાય તેવા પાષાર અગ્યારમી સદી સુધી મળેલો નહિ. સૌરાષ્ટ્રમાં તળાજા અને ઉના પાસે સાણાના પહાડોમાં ગુફાઓ કોતરાઈ,–વલભીપુરમાં બૌદ્ધોનું પ્રાબલ્ય હતુ ત્યાં નજીક નાના પહાડો ગુફાઓ કોતરાવવા લાયક ન હોવાથી ગુફાઓ ન કોતરાઈ.

ગુજરાતમાં સ્થાપત્યને લાયક પાષણ ધ્રાંગધ્રા, હીમતનગર, પોરબંદર, તળાજા પાસે બાંભોર કાટકડો ગોંડળ રાજ્યમાં લાઇમ સ્ટોનની ખાણો છે સૌરાષ્ટ્રના સમુદ્ર કીનારો લાઇમસ્ટોનથી ભરેલો છે તેમાંથી અને જુનાગઢથી બેલાના નાના પત્થરો મકાનમાં ઉપયોગી મળે છે ઝાલાવાડમાં સેંન્ડસ્ટોનની ખાણો છે કચ્છમાં હલકો સફેદ અને પીળા માર્બલની ખાણો છે સૌરાષ્ટ્રમાં ગોપનાથ પાસે ઉના પાસે ને કેશોદ પાસે પીળો માર્બલ નીકળે છે. અંબાજી પાસે આરાસુરના ડુંગરોમાં ઉત્કૃષ્ઠ આરસની ખાણો છે. ત્યાં મધ્યમ કોટીના આરસ પણ નીકળે છે. શીહોર પાલીતાણા તરફ ગ્રેનાઇટસ્ટો ન મળે છે પરંતુ તેમાં ઘાટ કામ થતું નથી

શિલ્પી વર્ગ–પશ્ચીમ ભારતમાં સોમપુરા શીલ્પીઓ સૌરાષ્ટ્ર કચ્છ ગુજરાત મેવાડ રાજસ્થાનમાં વસે છે. તેઓમાંના વિદ્વાનો પાસે પ્રાચીન હસ્ત લીખીત ગ્રંથોનો સંગ્રહ હોય છે. તેઓ મંદિરાદિની રચના કરે છે તેઓ બ્રાહ્મણ કુળના શિલ્પીઓ છે.

પૂર્વ ભારતમાં ઓરિસામાં મહારાણા–મહાપાત્ર શીલ્પીઓ છે. તેઓ પાસે શીલ્પના હસ્ત લીખીત ગ્રંથો હોય છે તેઓ મંદિરોને મૂર્તિઓ બનાવે છે. તેઓ ક્ષત્રીય કુળના હોય તેમ લાગે છે.

દક્ષીણ ભારતમા તામીલનાડુમાં વિશ્વકર્મા આચાર્ય શીલ્પીઓ છે કર્ણાટક આંધ્ર મહારાષ્ટ્રમાં પંચાનન શીલ્પીઓ રહે છે. મહીસુર તરફ શીલ્પીઓ શિલ્પ વિષયને મૂર્તિ વિષયનું જાણે છે. મધ્ય ભારતમાં ખજુરાહોમાં નવમીથી તેરમી સદી સુધી ચારસો વર્ષ શિલ્પીઓએ સેંકડો સુંદર કળામય મંદિરો મૂર્તિઓ કરી તે–કુશળ શીલ્પી વર્ગની હયાતિ મળતી નથી. સાતસો આઠસો વર્ષથી તે શિલ્પી વર્ગ લુપ્ત થઇ ગયા વિધર્મીઓના ધર્મ પરિવર્તને કે અન્યવ્યવસાએ તેઓ લાગી ગયા હોય. પંજાબ. બિહાર–બંગાળ સરહદપ્રાંત, સિંધ, આસામ, દીલ્હી પ્રદેશ, આસપાસ આદિ પ્રદેશોમાં શિલ્પના જ્ઞાતા વિધર્મીઓના કારણે જોવામાં આવતો નથી.

વિશ્વકર્માના માનસ પુત્રો જય. મય સિદ્ધાર્થ અને અપરાજિત નામે હતા કોઇ ગ્રંથમાં સિદ્ધાર્થના સ્થાને ત્વષ્ટાનુ નામ આવે છે, ત્વષ્ટા લોહ કર્મમાં યંત્ર કર્મમાં કુશળ હતા.

"Aho Shrutgyanam"

જય અને અપરાજિતના નામે વિશ્વકર્મા સાથેના સંવાદ રૂપ ગ્રંથો પ્રાપ્ત થાય છે. કહેવાય છે કે ઘણા યુગ પહેલા દ્રવિડને પ્રદેશ ભુસ્તર શાસ્ત્ર પ્રમાણે પાતાળ પ્રદેશ=અમેરીકા જોડાયેલા હતો વચ્ચે સમુદ્ર ન હતો ત્યારે મય શિલ્પીઓ અમેરીકાના મેક્ષીકો પ્રદેશમાં વસેલા. આ કુશળ મય જાતિના શિલ્પીઓ ત્યાંના રીત રીવાજો હલમાં પણ કેટલાક ભારતીય રીતના છે. અમેરીકામા મેક્ષીકન મય જાતિના શિલ્પીઓ હાલમાં પણ કુશળ એન્જિનીયર તરીકે ઓળખાય છે. આજ રીતે ભારતના શિલ્પીઓ પૂર્વ દેશ જાવા સુમાત્રામાં જઈ વસેલા ત્યાં હાલપણ તેમણે મહાન સ્થાપત્યો ભારતીય શૈલીના ઉભા કરેલા જોવાયો આવે છે.

નવમી દશમી સદીમા શિલ્પના મહાગ્રંથો ઉત્તમ પ્રકારના મહાપ્રાસાદોના સિદ્ધાંતો પર સંસ્કૃતમાં રચાયલા હતા. શિલ્પીઓનો કેટલોક વર્ગ સંસ્કૃત ભાષાથી અજ્ઞાત હશે પરંતુ તેઓ શિલ્પના ક્રીયાત્મક જ્ઞાનમાં કુશળ રહ્યા પરંતુ ગ્રંથસ્થ જ્ઞાનના અભાવના કારણ એ છે કે તેવા મહાગ્રંથોમાં આપેલા મહાપ્રસાદોના નિર્માણ કરાવનાર પણ ઓછા રહ્યા આથી શિલ્પના મહાગ્રંથો વૃક્ષાર્ણવ, ક્ષીરાર્ણવ, જયપૃચ્છા, વાસ્તુશાસ્ત્ર વાસ્તુ વિદ્યા, જેવા અમુલ્ય મહાગ્રંથોની અગત્યતા ઓછી જણાતા તે ગ્રથોના પ્રકરણો વેરવિખેર થતા ગયા, કોઇ નિષ્ણાત શિલ્પી પાસે થોડુ રહ્યું—કેટલાક હસ્ત લીખીત પુષ્તકાલયોમાં તેના છુટક છુટક પ્રકરણો વર્તમાનમાં મુશ્કેલીએ પ્રાપ્ત થાય છે.

બારમી સદીના અપરાજીત સૂત્ર જેવા થોડા ગ્રંથો શીલ્પીઓના સામાન્ય વ્યવહારમાં ઉપયોગી હોય તેવા ગ્રંથોનો સંગ્રહ રહ્યા મહાગ્રંથો તો દુષ્પ્રાપ્ય થઈ ગયા. પંદરમી સદીમાં જે કોઈ શિલ્પ સંગ્રહ રહ્યો તે પણ અવ્યવસ્થિત સ્થિતિમાં હતો તેથી પંદરમી સદીમાં અણહીલપુર પાટણના ભારદ્વાજ ગોત્રના સોમપુરા શિલ્પી સૂત્રધાર મંડનને સોલંકી કાળના શિલ્પ સ્થાપત્યથી પ્રભાવિત થઇ મેવાડના કુંભા રાણા એ મંડનના પરિવારને મેવાડ નિમંત્રી ત્યાં વસાવ્યા સૂત્રધાર મંડન વિદ્વાન હતો તેણે તે કાળના શિલ્પના અવ્યવસ્થીત ગ્રંથોનું સંકલન કરી, નવીન શિલ્પસાહિત્યની રચના કરી, પ્રાસાદ મંડન વાસ્તુમંડન રૂપ મંડન રાજવલ્લભ વાસ્તુસાર, દેવતા મૂર્તિપ્રકરણ વગેરે ગ્રંથોની રચના કરી શિલ્પસાહિત્યનો ઉદ્ધાર કર્યો,

દીપાર્ણવ–ક્ષીરાર્ણવ. જયપૃચ્છાવાસ્તુશાસ્ત્ર વાસ્તુવિદ્યા એ ગ્રંથોમાં અદ્ભૂત દશમી સદીથી સુધીની રચનાના છે. કેટલાક વિદ્વાનો તેને પંદરમી સદીની કૃતિ માને છે કારણ કે તે ગ્રંથોમાં આવતા પ્રાસાદોના નામો વગેરે પંદરમી સદીનામાં સ્થાપત્યો રચાયા છે તેથી તેમાં માની રહ્યા છે. પરંતુ પીતા પછી પુત્રનો જન્મ હોય. ગ્રંથોના આધારે શિલ્પીની રચના શિલ્પીઓ કરે.

દીપાર્ણવ, વૃક્ષાર્ણવ, જયપૃચ્છા, અને વાસ્તુવિદ્યાના, અસ્તવ્યસ્તગ્રંથોનો પ્રકરણો જ્યાં સુધી ચાલીશ કે વર્ષથી પ્રયાસ કરી બની શકે તેટલા અધ્યાયો પ્રાપ્ત કરવાનો પ્રયાસ કરવાવામાં આવ્યો છે. તેમાં શ્રી મધુસુદન ઢાંકિએ મને ઘણીજ મદદ કરી છે તે માટે

"Aho Shrutgyanam"

તેમનો આભારી છુ જો કે હું. ગ્રંથોમાં સેંકડો અધ્યાયો હશે, પરંતુ જે સાહિત્ય મળ્યું તેના વિષય ક્રમે ગોઠવી પ્રકાશીત કરવા પ્રયત્ન કરી રહ્યો છુ. ભવિષ્યમાં કોઈ વિદ્વાન આ ગ્રંથોના વધુ પ્રકરણો પ્રાપ્ત થાય તે તે ક્રમબદ્ધ પ્રકાશીત કરશે તો મને ઘણો આનંદ થશે.

ત્રણસોક વર્ષ પહેલાના મારા પ્રપિતામહે સ્વહસ્તે લખેલ દીપાર્ણવના ચૌદેક અધ્યાયનો લખેલ ગ્રંથ પ્રાપ્ત થયેલ. ગુજરાત સૌરાષ્ટ્રની પ્રતોમાં વિશેષ કરીને ચૌદ જ અધ્યાયો મળે છે પરંતુ મારા સ્નેહી શ્રી રાજસ્થાનના ચંપાલાલ મનરૂપજીના ગ્રંથોમાંથી પંદરથી બાવીશ અધ્યાયો પ્રાપ્ત થયા. તે ઉપરાંત ત્રેવીશમા અધ્યાય કીર્તિસ્થંભનો અધ્યાય અમારા પ્રાસ્તાવીક છુટક પાનામાંથી પ્રાપ્ત થયો, આમ મળીને દીપાર્ણવના નવ અધ્યાયો પ્રકાશીત કરતાં મને ઘણો આનંદ થાય છે, આગળ દીપાર્ણવ ગ્રંથના ૧૪ અધ્યાયો ઉપરાંત અન્ય સાહિત્ય સાથે છસોક પૃષ્ટોનો ગ્રંથ સને ૧૯૬૦મા પ્રકાશીત કરેલ છે તેના અનુસંધાન રૂપે આ દીપાર્ણવ ઉત્તરાર્ધ પ્રકાશીત કરી રહ્યો છું.

રાજસ્થાન અને ગુજરાતની પ્રતોમાં થોડા પ્રકરણોના ફેરફાર છે રાજસ્થાનની પ્રતમાં ગર્ભગૃહનો સ્વતંત્ર અધ્યાય છે, જ્યારે ગુજરાતની પ્રતોમાં તે પ્રકરણ મંડોવરાધિકારમાં સમાવેલ છે, જે રાજસ્થાનની પ્રતમાં આવેલ નથી, એટલે ચૌદ અધ્યાયની સંખ્યા મળી રહે છે

વાસ્તુશાસ્ત્ર એ અર્થવવેદનો ઉપવેદ છે શુક્રાચાર્ય કહે છે કે વિદ્યા અનંત છે અને કળા અસંખ્ય છે. પરંતુ મુખ્યત્વે વિદ્યા બત્રીશ અને મુખ્ય કલા ચોસઠ છે આ વિદ્યા અને કળાથી વ્યાખ્યા આપતા કહે છે કે

જે કાર્યવાણીથી થઈ શકે તે વિદ્યા અને જે મુક-મુંગો પણ જે કાર્ય કરી શકે તેનું નામ કળા, શિલ્પ નૃત્ય ઈત્યાદિ મુક ભાવે થઈ શકે તેથી તેને કળા કહી છે.

મત્સ્યપુરાણમાં વાસ્તુશાસ્ત્રના અઢાર આચાર્યોના નામો આપેલા છે બૃહદ સાહિત્યમાં તેથી વિશેષ સાત ઋષિના નામો આપેલા છે. વિશ્વકર્માપ્રકાશના પ્રારંભમાં કહ્યું છે કે શિવે પ્રાચીન વાસ્તુશાસ્ત્રનુ જ્ઞાન પરાશર ઋષિને આપ્યું તેમણે બૃહસ્થને અને બૃહદ્રસ્થે. વિશ્વકર્માને આપ્યુ વિશ્વકર્માએ જગતના કલ્યાણ અર્થે લોકોમાં પ્રવર્તાવ્યુ.

સ્કંધપુરાણમાં અષ્ટ વાસુમાના પ્રભાસના પુત્ર વિશ્વકર્માને પ્રજાપતિ સર્જક કહ્યા છે; તેઓ ભૃગુઋષિના ભાણેજ થાય.

અગ્નિ પુરાણમાં હજારો શિલ્પકળાના સર્જક તરીકે વિશ્વકર્માને ઓળખવાયા છે અનેક મનુષ્યોને આજીવીકા દેનારા છે ગરૂડપુરાણમા અને રામાયણ મહાભારતમાં દેવોના પ્રખ્યાત શિલ્પિ કહ્યા છે.

સુવર્ણની લંકા અને શ્રી કૃષ્ણની દ્રારિકાની રચના અને પંડવોના રાજમહેલનું નિર્માણ તેમણે કરેલુ.

"Aho Shrutgyanam"

છઠ્ઠા મનુ ચાક્ષુસના વંશમાં વિશ્વકર્મા પ્રગટ થયેલા છતાં વિશ્વકર્મ કયા કયા યુગમાં થયા તે પ્રશ્ન છે. પરંતુ પ્રત્યેક યુગમાં તેમના અંશરૂપે પ્રગટ થયેલા છે. વિશ્વકર્માના ચાર માનસ પુત્રો જય, મય, સિદ્ધાર્થ, અને અપરાજિત હતા સિદ્ધાર્થને ત્વષ્ટાના નામે પણ ઓળખાવે છે તે લોહકર્મ યંત્રકર્મમાં પ્રવિણ ગણુતા સ્કંધપુરાણના પ્રભાસ ખંડમાં સોમપુરા શિલ્પિ ઉત્પતિ શિલ્પકર્મના જ્ઞાતા સોમપુરા વિશ્વકર્મા સ્વરૂપ પુરાણોમાં કહ્યા છે. શ્રી સોમનાથજીની આજ્ઞા વડે વિશ્વકર્માના અનુગામી પાષાણુ કર્મના કર્તા ચોરાશીકળાના જ્ઞાતા ચોરાશી બ્રાહ્મણોમાં સોમપુરાને પુરાણોમાં વર્ણવ્યા છે જુદા જુદા કાળમાં અને વર્તમાનમાં વિશ્વકર્મા પ્રગટ થયા તે શિલ્પ સ્થાપત્યાદિ કળા કીયાના જ્ઞાતા વિશ્વકર્મા રૂપ જ જાણવા.

ઇસ્વીસનની પાંચમી શતાબ્દીમાં માળવાના મંદસોરના શિલાલેખમાં લાટ દેશના સોમપુરા શિલ્પી માળવા અને રાજસ્થાન પ્રદેશોમાં આવ્યાનો ઉલ્લેખ છે. દક્ષિણ ગુજરાત લાટ પ્રદેશમાં વિહારો ગુફાઓ તેઓએ નિર્માણ કરેલી, આઠથી શતાબ્દીમાં રાષ્ટ્રફ્ટ વંશના કૃષ્ણ રાજાએ લાટ દેશના શિલ્પીઓને નિમંત્રીને ઈલોરા પર્વતમાં એકજ આખા પહાડમાંથી કૈલાસ મંદિરની અદ્દભુત રચના કરાવેલી તેવું. તેના તામ્રપત્રો પરથી જણાય છે.

ભારતના શિલ્પિઓએ પુરાણોના પ્રસંગોને પાષાણમાં સજીવ રૂપ આપ્યું છે. તેમના ટાંકણાની સર્જન શક્તિ પરમ પ્રસંશાને પાત્ર છે જડ પાષાણને વાચા આપનારા કુશળ શિલ્પિઓ પણ શાશ્વત કવિઓજ છે. ભારતીય શિલ્પીઓએ કળા દ્વારા સ્વર્ગ વૈકુંઠને પૃથ્વી પર ઉતાર્યું છે. જડ પાષાણમાં પ્રેમ શૌર્ય હાસ્યને કરૂણાના ભાવો મૂર્તિ મંત્ર કરવાનું બહુ કઠીન કાર્યો કર્યા છે. ચિત્રકારતો પીછી વડે તે ભાવો દર્શાવી શકે પરંતુ રંગ વિના પાષાણમાં ભાવાત્મક સર્જન કરવતું કઠીન છે, ત્યાંજ તેની અપૂર્વ શકતી રહેલી છે.

ભારતીય પ્રાદેશીક શિલ્પશૈલી! સામાન્ય રીતે છે તેને પાશ્ચાત વિદ્વાનો સંપ્રદાયિક શૈલીઓથી ઓળખાવે છે તે તદ્દન અયુકત છે.

જગત્કર્તા ઈશ્વિરનું મનુષ્યને ઇશ્વરમા ધ્યાન માટે યોગની સીદ્ધિને સારૂ મૂર્તિની આવશ્ય- કતા સ્વીકારવી પડે છે. ભકતી માર્ગમાં પ્રતિમા અવલંબન રૂપ છે. પ્રારંભ નિરાકાર લિંગ પૂજ્યથી થયો હશે તે પછી સાકાર મૂર્તિની કલ્પના થઈ અને તેવી પૂજ્ય પ્રતિ- માની સ્થાપનાને પ્રાર્થના સારૂ સ્થાપત્ય મંદિરોની આવશ્યકતા ઉભી થઈ. કાળ બળે અનેક દેવ દેવીઓના મંદિરો ભારતમાં થવા લાગ્યા.

મૂર્તિ વિધાનમાં સર્વ શિલ્પીઓ સરખા કર્તવ્યશીલ હોતા નથી. તેમ કાળ બળે પણ કળા કૃતિમાં પણ ભિન્નતા આવી જાય છે. ઇ. સ. પૂર્વેના ૭૨૭ અને મૌર્યકાળની ઇ. સ. પૂ. ૩૨૫ તે પછીની શુંગ કાણ્વકાલ ઇ.સ. ૧૯૫ અને કુશાણુ કાળ ઇ. સ. ના પ્રારંભ કાળ સુધીની મૂર્તિઓના અવશેષ પ્રાપ્ત થયેલા છે તે ભાવવાહી છે પરંતુ સ્થૂલ રૂપ જણાય છે. વચ્ચેના ગાંધાર પ્રદેશની મૂર્તિઓ ઘણી સુંદર મળે છે. તે પ્રદેશના શીલ્પી

"Aho Shrutgyanam"

ઓને તેનુ તેના કાર્યનુ માન આપણે આપવું જોઇએ, પાશ્ચાત વિદ્વાનો ગાંધાર પ્રદેશની સુંદર મૂર્ત્તિઓનો યુનાની શીલ્પીઓને યશ આપે છે.

ઈ. સ. ૩૦૦ થી ૬૦૦ સુધીના ગુપ્તકાળ ભારત માટે સુવર્ણ કાળ ગણાય છે. પ્રજા સુખી સમૃદ્ધવાન અને કળાની દ્રષ્ટિએ ઉત્કૃષ્ટ હતી તે ગુપ્ત કાળના શિલ્પ સ્થાપત્યો અને મૂર્તિઓ ઉચ્ચકોટીની થયેલી મળે છે તે પછીના કાળની મૂર્તિઓમાં ક્રમે-ક્રમે ઓટ આવતી ગઇ ભિન્નભિન્ન શિલ્પીઓના હાથે નિર્માણ થયેલ મૂર્તિઓમાં કમી અધિક સૌંદર્ય નજરે પડે છે કળા કૃતિમાં કુદરતી સામ્ય શાશ્વત હોવું જોઇએ એવું સૌંદર્ય પૂજકો માને છે આ દ્રષ્ટિએ ભારતીય કળા કૃતિઓને જોઇએ તો ભારતીય શિલ્પીઓ કુદરત કરતાં ભાવનાને વિશેષ પ્રબળ માને છે. જયારે યુનાની શિલ્પીઓ સાથે ભારતીય શિલ્પીઓનો કૃતિઓની તુલના કરતાં કહેવુ. પડે છે કે ભારતીય શિલ્પીઓનુ લક્ષ પોતાની કૃતિઓમાં કેવળ ભાવના લાવવાનું છે. જ્યારે યુરોપી શીલ્પીઓ તાદ્રશ્યનાનુ નીરૂપણ અનુકરણ કરે છે ત્યારે ભારતીય શીલ્પીઓએ પોતાની કૃતિઓમાં ભાવના રેડવાનું કઠીન કાર્ય કરે છે.

ભારતીય અને પાશ્ચાત શીલ્પીઓની મૂર્તિ વિધાનની તુલના કરીયે તો અનેક કવિ-ઓએ સ્ત્રીઓની પ્રકૃતિ વિકૃતિના ગુણોના ગાન ગાયા છે તેના સૌંદર્યનુ પાન કરાવનાર ભવભૂતિ અને કાળીદાસ જેવા મહાન કવિઓએ તેના રૂપ ગુણાની શાશ્વત ગાથા ગાઈ છે તેની પ્રકૃતિથી રીઝેલા ભારતીય શિલ્પીઓ સ્ત્રી સૌંદર્યને માતૃભાવે પ્રદર્શિત કરેલ છે જ્યારે યુરોપીય શિલ્પીઓએ વાસનાના ફળ રૂપે તેને કંડારી છે.

અમારા કુળ પરંપરાનો વ્યવસાય શિલ્પ સ્થાપત્યનો છે. અમારો હસ્ત લીખીત ઘણા ગ્રંથોનો સંગ્રહ છે, વડીલોએ અનેક સ્થળોએ મંદિરોમા નિર્માણ કરેલા છે. મારા પ્રપિતામહ શ્રી રામજીભાએ અઢારમી સદીના મધ્ય કાળમાં કુશળ ગણાતા મુંબઇના અગ્રગણ્ય શેઠ મોતિશાહને શત્રુંજ્ય પર્વત બે ટેકરીઓ વચ્ચે વહેચાયલો છે ત્યાં પોતાનું અને પોતાના સંબંધીઓના મંદિર સમુહની મોટી ટુંક ( મંદિરો અને દેવકુલીકાઓ ) સમુહમાં બાંધવા વડીલ શ્રી રામજીભાને કહેલુ, પરંતુ તે કાળમાં એવી વિશાળ ટુંક બાંધવા જેટલી ભૂમિ ન હતી. શેઠના અત્યાગ્રહે રામજીભાએ બે ટેકરી વચ્ચેનો ગાળો પુરવાની ખર્ચાળ યોજના કરી વિશાળ ટુક થોડા સમયમાં લાખોના ખર્ચે બાંધી આપી ગાળાના કીલ્લાના પ્રવેશ દ્વારનું રામજીભાની સ્મૃતિ રૂપે “રામપોળ” નામ આપવામાં આવેલ.

ભારતના શિલ્પીઓએ વિશ્વની શિલ્પકળાના ઇતિહાસમાં અદ્વિતિય વિશાળ ભવનોના મંત્ર મુગ્ધ નિર્માણ કર્યા છે પહાડોના દીર્ઘ કાય શિલાઓ ખોદી ભૂખ અને તરસની પણ પરવા કર્યા વગર પોતાના ધર્મની મહત્તમ ભાવના રાષ્ટના ચરણે ધરી. ધર્મ સંસ્કૃતિનું પ્રતિક પ્રસ્થાપન કર્યુ છે. જગતે આવા ઉચ્ચ ભાવના વાળા શિલ્પિઓની અજબ સ્થાપત્ય

"Aho Shrutgyanam"

કળાને કારણે ભારતને અજર અમર પદે સ્થાપેલ છે. આવા પુણ્યવાન શિલ્પિઓને કોટિ ધન્યવાદ.

શિલ્પસ્થાપત્યના હસ્ત લીખીત ગ્રંથોના અનુવાદ સાથે પ્રકાશન થાય તેમ સામાન્ય વર્ગ ઇચ્છતો. એંશી વર્ષ પહેલા સુપ્રસિદ્ધ વિજ્ઞાની કલ્યાણરાય ગજ્જરના પીતાશ્રી વિશ્વ. કર્મા પ્રત્યે પરમશ્રદ્ધ હતા તેમણે પ્રાસાદમંડન ગ્રંથનો ઘણો ભાગ પ્રકાશત કરેલો વચ્ચે નડીયાદના કોઇ વિદ્વાને અપરાજીત ગ્રંથના એક બે અધ્યાયો પ્રકાશીત કરેલા વઢવાણના શ્રી જગનાથ અંબારામના પીતાશ્રીએ પ્રાસાદ મંડનનો પ્રથમ અધ્યાય અને દેશરાજ પ્રકાશીત સાઠેક વર્ષ પહેલા કરેલુ. તે પછી શ્રી જગન્નાથભાઇએ બ્રહદ્ શિલ્પ શાસ્ત્ર નામે પ્રકીર્ણક ગ્રંથ ત્રણ વિભાગમા પ્રકાશીત કરેલું મારા સન્મીત્ર વડીલ શ્રી નર્મદાશંકર મુળજી-ભાઈએ પોતાની ઉતરાવસ્થામાં "શિલ્પરત્ન" નામે મોટો મૌલિક સુદર ગ્રંથ પ્રકાશિત કરી કીર્તિ મેળવેલી. વર્તમાનમાં તે ગ્રંથની એક પણ પ્રતાદુષ્પાપ્ય છે.

સને ૧૯૨૬ વિસં. ૧૯૭૯ થી ૮૫ સુધીના મારી પાંચ વર્ષના મારા આશાસણના વસાવાટ દરમીયાન ક્ષીરાર્ણવ અને દીપાર્ણવ જેવા અઘરા ગ્રંથોના અનુવાદ પેનસીલથી નોટમાં કરેલા તે પછી સને ૧૯૪૧ પછીના મારા કદમગીરીના વસવાટ દરમીયાત દુષ્પાપ્ય એવા વૃક્ષાર્ણવના કેટલાક અધ્યાયો અમારા ગ્રંથ સંગ્રહમાં થોડા હતા ઉપરાંત પૂજ્ય વડીલ શ્રી રામજીભાએ રાજસ્થાન પાલીમાં લખાવેલહસ્ત પ્રત. અને ધીણોજના શિલ્પી મનસુખલાલે પ્રેમથી વૃક્ષાર્ણવની વીશક અધ્યાયની હસ્ત લીખીત પ્રત સસ્નેહ ભેટ આપેલી. કેટલાય અધ્યાયો પાટણના ભંડારમાંથી મેળવી તેથી વિશેષ મુંબઈની રોયલ એશીયાટીક સમૃદ્ધ લાયબ્રેરીમાંથી એક હસ્ત લીખીત ચોપડામાંથી કેટલાક અધ્યાયો મેળવ્યા. ક્ષીરાર્ણવ દીપાર્ણવ અને વૃક્ષાર્ણવ એ ત્રણે ગ્રંથો ઘણા કઠીન મહાપ્રાસાદોની રચનાના છે. સામાન્ય પ્રાસાદોના ન હોવાથી ખૂબ મંથન કરવું પડતું પરંતુ, વૃદ્ધ પીતામહનાં કેટલાક ડ્રોઇંગો( આલેખનો )નો આશ્રય લેવો પડતો. આ ત્રણે ગ્રંથોનુ પ્રકાશન કરવાની મારી આર્થિક અગવડના કારણે તે ગ્રંથો પ્રતાકારે શાહીથી પાકો બુકમાં કદમગીરીમાં ઉતારી લીધી. કઠીન કાર્યમાં મનન અને પરસ્પર પાઠ ભેદોના ઉકેલ વડીલોના અનુભવ સિદ્ધ લેખનના આધારે અને સોમનાથ–તારંગા, ઘુમલી, જુનાગઢના આવા ભ્રમયુક્ત પ્રાસાદોના બારીક નીરીક્ષણોથી આ મહાગ્રંથોના અનુવાદ સહાય રૂપ બન્યા નિરંધાર પ્રાસાદોથી આ સાંધાર પ્રાસાદોના યમનીયમો તદ્દન ભીન્ન હોવાથી બુદ્ધીની કસોટી થાય. તેવા કાર્યમાં હું કઇક સફળ થયો હઈશ. અને તેથી વિશેષ શ્રી સોમનાથજી જેવા સાંધાર મહાપ્રાસાદનું નિર્માણ કરવાની તકે પણ વિશેષ પ્રત્યક્ષ અનુભવ મલ્યો.

આ ગ્રંથોની પ્રાપ્તી સાથે સાથે જયપૃચ્છા, વાસ્તુશાસ્ત્ર, અને વાસ્તુ વિદ્યાના, કેટલાક છુટક છુટક અધ્યાયો જ્યાં ત્યાંથી પ્રાપ્ત કરતો હતો.

"Aho Shrutgyanam"

આ પછી ઉત્તરપ્રદેશમાં રેણુકુટના બીરલાનું ઓરિસ્સા શૈલીનું રાજરાણી મંદિરની પ્રતિકૃતિ રૂપ સને ૧૯૭૦ના અરસામાં ચાલતું ત્યારે અવારનવાર બનારસ થઇને રેણુકુટ જવાનું થતું. બનારસમાં શ્રી મધુસુદન ઢાકી અમેરીકન એકેડેમીમાં શિલ્પના શબ્દકોષના કામમાં રોકાયલા. તેઓ મને બનારસ ઉપરોકત ચારે ગ્રંથોના સંશોધન માટે બનારસ રોકતા. કમનસીબે આ કાર્ય પડી રહ્યું. હમણા સને ૧૯૭૬માં આ ગ્રંથોના પ્રકાશન માટે મારી યથા શકતી શુદ્ધી કરી પ્રકાશન માટે તૈયારી કરી રહ્યો છું.

સૂત્રધાર મંડન કૃત વાસ્તુસાર પ્રકાશીત હમણાં થયો છે. અને દીપાર્ણવ ગ્રંથનો ઉતરાર્ધ ગ્રંથ પ્રકાશીત કરી રહ્યો છુ. દીપાર્ણવ ગ્રંથના ચૌદ અધ્યાયો ગુજરાત સૌરાષ્ટ્રમાં પ્રાપ્ત થયા તે અન્ય સાહિત્ય સાથે દીપાર્ણવ જેવા મોટા ગ્રંથ સને ૧૯૬૦માં પ્રકાશીત કર્યો હમણા રાજસ્થાન સાદડીના સોમપુરા ચંપાલાલ મનસુખજી પાસેથી દીપાર્ણવના અપૂર્વ અધ્યાયો ૧૫ થી ૨૩ એમ નવ અધ્યાયો પ્રાપ્ત થયા તે દીપાર્ણવ ઉતરાર્ધના નામે પ્રકાશીત કરી રહ્યો છું. હજુ પણ મને લાગે છે કે આ ગ્રંથ વેરવિખર હોવાથી અન્ય સ્થળે જો વિશેષ અધ્યાયો પ્રાપ્ત થાય તો પ્રકાશીત કરવા જોઇએ.

રાજસ્થાનની પ્રતમાં ગર્ભગૃહનો અધ્યાય પાઠ જુદો હોવાથી તે અહીં જુદો પ્રકાશીત કરૂં છું.

વર્તમાનમાં ચાલીશેક વર્ષથી ભવનસ્થાપત્યો મોડર્ન આર્ટના નામે વીકૃતી ભવનના મુખ દર્શનમાં આવી રહી છે. કળાના જ્ઞાતાને તે ઘૃણા ઉપજાવે. પ્રથમ છજાં જાળીયા જરૂખા, સ્તંભો, મદળો, (બ્રેકેટ) આદિથી ભવનનું મુખ દર્શન શોભતુ. આપણા દેશના એન્જીનીયરો પરદેશનું અનુકરણ કરી ભારતીય કળાને વિકૃત કરી રહયા છે. કળાનો ધ્વંસ થઇ રહ્યો છે. ભવનની અંદરની સુખ સગવડો વર્તમાન કાળને અનુસરીને કરવી જોઈએ. જગતમાં વિકાસ સાથે આપણે ચાલવું જોઇએ. યોગ્ય વિકાસ સ્વીકારીયે પરંતુ દેશની કળાની વિકૃતી તો ન જ થવા દેવી જોઇએ.

રાજસ્થાન મેવાડમાં રાજાઓ શિલ્પીઓને પારિતોષિક તરીકે ગામ, ગરાસ, આપતા. શિલ્પીને સુવર્ણગજ અર્પણ કરતા. તે શિલ્પીના કુળનું બહુમાન ગણાતું. સંવત ૧૮૯૩માં શેઠ મોતીશાહ તરફથી શત્રુંજયપરની પ્રતિષ્ઠા પ્રસંગે અમારા પ્રપિતામહને સુવર્ણનો ગજ અર્પણ કરેલ સોમનાથજી મહાપ્રાસાદની પ્રતિષ્ઠા સમયે વિ. સં. ૨૦૧૦માં ભારત સરકાર તરફથી રાષ્ટ્રપતિ રાજેન્દ્રપ્રસાદે મને સુવર્ણગજ અપર્ણ કરેલ ઉતરપ્રદેશના રેણુકુંડના પ્રાસાદની પ્રતિષ્ઠા સમયે શ્રી બીરલાજીએ ચી, બળવંતરાયના નામ ચી. ચંદ્રકાન્તને સુવર્ણગજ અર્પણ કરેલા.

મારા ૬૦ વર્ષના લાંબા કાળના સક્રીય વ્યવસાય દરમિયાન દેશના જુદા જુદા પ્રદેશોમાં પ્રાસાદોના લાખો અને કેટલાક કરોડોના વ્યયે નીર્માણ કરેલા છે સૌરાષ્ટ્ર, ગુજરાત, મહારાષ્ટ્ર, મધ્યપ્રદેશ, ઉતરપ્રદેશ, બંગાળ, આંધ્ર, કર્ણાટક, કેરાલા, બંગાળ, બીહાર પ્રદેશોમાં પ્રાસાદોના નિર્માણ કરેલા છે.

"Aho Shrutgyanam"

મારા જ્યેષ્ઠ પુત્ર સ્વ. બળવંતરાય શિલ્પસ્થાપત્યનું ઘણું સારૂં જ્ઞાન ધરાવતા શિલ્પનો અમારો કુળ પરંપરાનો વ્યવસાયત જાળવી રાખશે, એવી આશા હતી. પરંતુ કમભાગ્યે હીમાલયમાં બદ્રીનાથ મંદિરના વિકાસ માટે શ્રી બીરલાજીએ મોકલેલા. વળતા તા, ૧૭ ૮–૭૨ના ભાદ્રપદ શુદ ૫ ના રોજ રસ્તામાં અલકનંદાના પ્રવાહમાં દેહવિલય થયો તેનું મને ઘણું દુઃખ છે.

મારા બીજા પુત્ર વિનોદરાય સપરિવાર અમેરીકા વસે છે બીજા પુત્ર હર્ષદરાય–ગુજરાત હાઇકોર્ટના એડવોકેટ છે. ચોથા પુત્ર ધનવંતરાય બેંક વ્યવસાયમાં છે. આથી અમારા કુળ પરંપરાના વિદ્યા કળાનો વારસો મારા પ્રપૌત્ર ચી. ચંદ્રકાન્ત સંભાળી રહ્યા છે તેટલો મને સંતોષ છે.

ક્ષમા યાચના વિદ્વાનો કહે છે કે કવિની જીભ્હામાં અને શિલ્પીના હાથમાં સરસ્વતી વસેલા છે, શિલ્પીની વાણી ભાષામાં વ્યાવરણ ત્રુટીમાં સહજ હોય તે વસ્તુ લક્ષમાં લઇ સુજ્ઞ વાચકો શિલ્પ ગ્રંથની પ્રતિ ઉપેક્ષ સેવી ગ્રંથ નો મૂળ અર્થ ભાવ જ ગૃહણ કરવા વિનંતી છે શિલ્પીની ભાષાનો આ ગ્રંથ છે વિદ્વાનો કહે છે કે–

ज्योतिषे तंत्र शास्त्रे च विवादे वैद्य शिल्पके
अथ मात्रे तु गृहणीयान्नान्नशब्दं विचारयेत्

જ્યોતિષ તંત્ર શાસ્ર વિવાદ ગ્રંથો આયુર્વેદ અને શિલ્પ ગ્રંથોથાં તેની ભાષાના શબ્દોનો બહુ વિચાર ન કરતા અર્થને જ ગ્રહણ કરવો સૂજ્ઞ વિદ્વાનોને વાચકો હંસ–વૃતિથી આ ગ્રંથ વાંચવા વિનંતી છે.

નવપ્રભાત મુદ્રણાલયમાં શ્રી, મણીલાલ, છગનલાલે, પોતાના પ્રેસમાં સુંદર રીતે સમય-સર છાપી આપવા બદલ આભાર.

सर्वेषु सुखिनः सन्तु सर्वे सन्तु निरामय
सर्व भद्राणि पश्यंत मा कश्चदुःखमाप्नुयात्

વિ. સં. ૨૦૩૨ ફાગણ વદ ૧ ધૂળેટી — પદ્મશ્રી પ્રભાશંકર ઓઘડભાઇ સોમપુરા
તા. ૧૭ માર્ચ ૧૯૭૬ — શિલ્પવિશારદ
અમદાવાદ–૧૩.

શુભં ભવતુ શ્રીરસ્તુ શ્રીકલ્યાણમસ્તુ

卐

"Aho Shrutgyanam"

श्री विश्वकर्मा प्रणित

# ॥ श्री दीपार्णव ॥

## उत्तरार्ध

### ॥ पूजाधिकार अ. १९ ॥

**श्रीविश्वकर्मा उवाच–**

अथातः संप्रवक्ष्यामि पूजा च सर्वकामदा ।
नानारूप धरं दिव्यं ज्ञानपुण्यैपिशोभितम् ॥१॥
चतुरस्राश्चवृत्ताश्च अष्टास्तवृतकर्णजा ।
चतुर्विधं च मानं स्यात् कर्तव्या च सदा बुधैः ॥२॥
हरिप्रिया च१ 'वसंतमाला२ गौरीतिलक३ सुंदरी४ ।
चतुर्विधा शिवपूजा ज्ञातव्या सर्वकामदा ॥३॥
हरिप्रिया१ चतुरस्रापि वृत्ता२ वसंतमालिनी ।
अष्टांश३ गौरितिलकां वृता च कर्णसुंदरी४ ॥४॥
क्षत्रियाणां१ चतुरस्र२ वृत्ताविप्र सुखावहा ।
अष्टांशा३ भवेद्वैश्य४ वृतकर्णत शूद्रजा ॥५॥
चतुरस्राभवेद्वत्स नृपकल्याण कारकाः ।
हेमरुप्यमया वत्स ज्ञातव्या च सदाबुधैः ॥६॥
चाळेऽप्याधारमानेन अचले लिंद्ग मानका ।
द्विस्त्रिश्चतुर्गुणाख्याता कर्तव्याशिल्पिभिः सदा ॥७॥
रथोपरथ कर्ण च चतुरस्रा प्रकीर्तिता ।
कर्णोपकर्ण चैव भद्रेतद्रसंयुतेम् ॥८॥
एतमुः छंद समाख्यातं तुर्याता मांत्रिगुणास्भृता ।
अष्टांशमष्ट कर्ण च वृतकर्णे च कणिका ॥९॥
कर्तव्या च सदा बुधैः ।
पीठोयंपीठ जंधा च ऊर्ध्व जंधा छाद्यमेव च ।
तिलकं तु तथेङ्गानि घंटाकूटोस कर्णिका ॥१०॥

"Aho Shrutgyanam"

गणाधिकमा चैव भास्करं विष्णुमेव च ।
पीठमध्ये प्रदातव्या कर्तव्याष्टौदिश्यधिपः ॥११॥
सदाशिव योगिशं नष्टै सुरै तथैव च ।
पर ब्रह्मप्रदा तव्यं छाद्यार्धप्रशस्यते ॥१२॥
सिद्धविद्याधरैर्यक्ष गंधर्वगीतवादिभिः ।
गजमकर विशलैश्च भूषणाश्च विभूषितं ॥१३॥
अर्धचंद्र मृणालानि पद्मपत्रोत्पलानि च ।
यत्र किन्नर पुष्पाणी कर्तव्या पूजमंऽने ॥१४॥
प्रशस्तानिय रुपाणी अप्रशस्ताति यानि च ।
पूजारुपेण पापा–कर्तव्यानि च सर्वदा ॥१५॥
मणिमुक्तप्रवालानि मरकत हीरास्मृता ।
पद्म पत्र मृपालानि भूषणेषु विभूषिता ॥१६॥
हेरंब तुंऽविशालैश्च ऊर्ध्वेभि समलंकृता ।
कीर्तितामुक्त मुक्तानि भूषयेत चतुर्दश ॥१७॥
एततः लक्षणं संयुक्तं पूजा च सर्वकामदा ।
अप्रशस्तानि च सर्वाणि गृहपूजाविचक्षणे ॥१८॥
कुरुत्येरुप्य मया पुज्यं सर्वलक्षाणं संयुतं ।
दशलक्षसहस्राणि शिवलोके सगच्छति ॥१९॥
सौवर्ण कुरुते यस्तु पूजाय सर्व कामदं ।
कोटि वर्ष सहस्राणि शिवलोके सगच्छति ॥२०॥
चक्षु त्रयशूलहस्ता गति पुष्पयक्त्सास्थता ।
विचरंति स्वर्गलोके सद्रशंतरस्तथा ॥१२॥
स्वर्गभूमि भवैर्युक्ता ततो अवतरे मही ।
एक छत्रं भवेद राज्यं भूवितस्पन संशयः ॥२२॥
पूजा विघ्न विनाशाय पूजा लक्ष्मीप्रदायका ।
पूत्र प्रदायिनी पूजा कर्तव्यातु सदा बुधैः ॥२३॥

इति श्रीविश्वकर्मावतारे ज्ञान प्रकाश दीपार्णववे पूजाधिकार

पंचदशमोऽध्याय ॥१५॥

"Aho Shrutgyanam"

## પૂજાધિકાર અ ૧૫

**શ્રીવિશ્વકર્મા** સર્વ કામનાને દેનાર એવી પૂજાવિધિ કહે છે જ્ઞાનપુણ્યને **શોભે** તેવી અનેક પ્રકારની દીવ્ય પૂજા કહુ છું. ચોરસ૧ ગોળ૨ અઠાંશ૩ અને વૃતકર્ણ૪ એવી ચાર પ્રકારની બુદ્ધિમાને કરવી. હરિપ્રિયા૧ વસંતમાલા૨ ગૌરિતિલક૩ સુંદરી૪ એ ચાર નામ પ્રકારની શિવપૂજા સર્વ કામનાનો દેનારી જાણવી. ગૌરીતિલક૧ અઠાંશવૃત૨ ગોળ કર્ણસુંદરી, હરિપ્રીયને, ચોરસ. અને વૃતકર્ણ વસંતમાલીનીની કરવી. ક્ષત્રીયને ચોરસ. ગોળ બ્રાહ્મણને શ્રેષ્ટ વૈશ્યને અઠાંશ અને વૃતકર્ણની શુદ્રને શ્રેષ્ટ જાણવી. હે વત્સ ! ચોરસ રાજાઓને કલ્યાણકારી જાણવી. તે સોના ચાંદીની કરવાની જાણવી. ચળ દ્વાર માનથી અને અચળ લીંગના માનથી બમણા ત્રણ ગણા ચાર ગણું શીલ્પિએ કરવી.

રથ–ઉપરથ અને કર્ણ–રેખા ચોરસ, કર્ણને ઉપકર્ણ ભદ્રને ઉપભદ્ર સાથે કરવા એ રીતે છંદના કરવા બે ચાર કે ત્રણ ગણા ઉંચા કરવા અષ્ટકર્ણ અઠાંશ કર્ણકાના વૃત કર્ણ બુદ્ધીમાને કરવી પીઠ, ઉપપીઠ, જંઘા, ઉપજંઘા, છજ્જુ, તિલક, તવંગ, ઘંટા, કૂટ, ખુણી વાળા કરવા ગણેશ...સૂર્ય વિષ્ણુ પીઠને વિશે કરતા રેખા કર્ણના ઉપાંગોમાં આઠ દીશા પતિ દીગ્પાલ કરવા. સદાશિવ યોગી...દેવો વગરે પરબ્રહ્મ એ સર્વ છજા ઉપર કરવા સિદ્ધ વિદ્યાધરો, યક્ષ, ગંધર્વ, એ સર્વ ગીત વાદીત્ર વગાડતા કરવા–હાથી મઘર વિરાલિકાના રૂપોથી શોભતું કરવું દ્વાર આગળ કમળ, ને પત્રોથી શોભતો અર્ધચંદ્ર ( શંખોદ્ધાર ) કરવો કીન્નરો પુષ્ય આદિ સાથે પૂજાનાં મંડપમાં શોભતો કરવો એ સર્વ રૂપો જાણવા. અપ્રશસ્તરૂપો ન કરવા તે પૂજા રૂપમાં પાપ સમાન જાણવા. પૂજામાં મણી, મોતી, પ્રવાળ મરકત હીરા આદિ મૂકવા કચળના પત્રો ભૂષણ રૂપે ચતુર્દશ મુકવા...કીર્તિના મોતીથી ચારે દીશાઓ શોભાવવી. એવા લક્ષણ સાથે સર્વ કામનાને દેનાર પૂજા કરવી અપ્રશસ્ત એવી વિવક્ષણે પૂજા ગૃહમાં ન કરવી. સર્વ લક્ષણ સાથે રૂપાથી પૂજા કરવાથી યજમાનનો દશ લાખ હજાર વર્ષ શિવ લોકમાં વાસ કરે છે સુવર્ણ=સોનાથી સર્વ કામનાને આપનાર પૂજાથી યજમાનેના કરોડ વર્ષ હજાર શીવલોકમાં વાસ થાય. ત્રણ ચક્ષુવાળા અને હાથમાં ત્રિશુળ નંદી પર બેઠેલા વિશ્વ એવા શિવ સર્વ લોકમાં વિચરે છે. એવી ભક્તિથી પૂજા કરાવનાર યજમાનને એક છત્રનુ રાજ્ય ભૂમિ મળે છે. જો પૂજામાં વિઘ્ન આવે તો વિનાશ થાય. પરંતુ સવિધિ પૂજાથી લક્ષ્મીની પ્રાપ્તી થાય છે.

ઇતિ શ્રી વિશ્વકર્માવતારે જ્ઞાનપ્રકાશ દીપાર્ણવનો પૂજાધિકારનો **પદ્મશ્રી પ્રભાશંકર ઓઘડભાઇ સોમપુરા** શિલ્પ વિશારદે કરેલા ભાષા ટીકાનો પંદરમો અધ્યાય ॥ ૧૫ ॥

## वास्तुलक्षणाध्याय अध्याय १६

**श्री विश्वकर्मा उवाच**

अथातः संप्रवक्ष्यामि वास्तुलक्षणमुत्तम् ।
चतुरश्री कृते क्षेते क्षेत्रे अष्ट भाग विभाजिते ॥१॥

"Aho Shrutgyanam"

मध्ये चतुःष्पदो ब्रह्मा चतुपदाचर्यमादय ।
बाह्य कर्णे अर्धपदा भक्ता केषां चेक पदास्मृता ।।२।।
पुनरैव प्रवक्ष्यामि अष्ट भाग विभाजिते ।
मध्ये चतुःपदो ब्रह्मा द्विपदा आपवत्सादि ।।३।।
षोडशार्ध पदाकर्णे बाह्यमध्ये विवस्थिता ।
अष्टौसाद्वयपदोदेवा इतिचतुषष्टोडश द्विपदापरे ।।४।।

इति चतुषष्टिपद वास्तु

चतुरश्रीकृते क्षेत्रे नवभागं विभाजिते ।
मध्ये नवपदो ब्रह्मा षट्पदौंचर्यमादय ।।५।।
तृतीये पद मध्यस्था द्विपदा परिकिर्त्तिता ।
शेषास्तु यदिकाज्ञेया इतिएकाशितपदेश्वर ।।६।।

इति एकाशितिषद वास्तु

चतुरस्त्री कृते क्षेत्रे दशभागं बिभाजिते ।
बाह्य कर्पौ चाष्टौसार्ध पदाभिध्येष्टोपदिकासुरा ।।७।।
च्यतुर्विंशति पदा ज्ञेया धर्माद्या चतुष्पदा ।
ब्रह्मा षोडश भागैस्तु शतपद विबस्थिता ।।८।।

इति शतपद वास्तु

वास्तु चैव प्रवक्ष्यामि सहस्र पदकं तथा ।
द्वांत्रिंश भाजिते क्षेत्रे कर्णलोप्यास्तुषटपदा ।।९।।
द्वादश बाह्य कर्णेषु कर्तव्या दश भागका ।
तन्मध्येषोडशादेवा चतुर्दशा विभागका ।।१०।।
विशभागश्चताकार्या चत्वारो भद्रदेवता ।
एकत्रिंश सङ्ख्यानि बाह्यतः प्रकीर्तितः ।।११।।
मध्यकर्णेषु कर्तव्या अष्टौ पञ्चदशान्विता ।
अर्यमादि तथा कार्या भागे वसु शुन्ये तथा ।।१२।।
ब्रह्म च तत्र प्रयोक्तेन शत पदो ।
एवं कथितं वत्स ! सहस्रपद वास्तुष ।।१३।।
मेरुश्च कोटि होमेस्तु ज्येश्ठलिङ्गेन संशय ।
प्राकारा नगर चैव प्रतिष्ठा तथैव च ।।१४।। इति सहस्रपदवास्तु

"Aho Shrutgyanam"

## વાસ્તુ લક્ષણ અ ૧૬

શ્રી વિશ્વકર્મા કહે છે હવે હું ઉત્તમ એવા વાસ્તુ લક્ષણ કહુ છું (પૂર્વ કથા–અંધક દૈત્ય સાથે સંગ્રામ કરતાં શિવને પરિશ્રમ પડયો તેના પરસેવાના બીંદુ ભૂમિ પર પડયા તે બીંદુમાંથી આકાશ અને ભૂમિને ભય ઉપજાવે તેવો એક પ્રાણી ઉત્પન્ન થયો. તેથી તે પ્રાણીને એકદમ સર્વ દેવતાઓએ મળીને તેને ઊંધો નાખીને તેના પર દેવોએ વાસ કર્યો તે ઉપરથી તે પ્રાણીનું વાસ્તુ પુરૂષ નામ કહેવાયું સુજ્ઞ પુરૂષોએ મકાન મંદિરાદિ કામના પ્રારંભે અને સમાપ્તી સમયે વાસ્તુ પૂજન વિધિથી કરાવવાથી સુખ થાય.)




ભવનના ચોરસ ક્ષેત્રના ૮ × ૮ ભાગ ૬૪ કરવા તેમાં વચલા ચાર પદમાં બ્રહ્માનુ સ્થાપન કરવું. તેના પૂર્વે ચાર પદમાં અર્યમાં દક્ષિણે ચાર પદમાં વૈવસ્વત પશ્ચીમે ચાર પદ મૈત્રગણ અને ઉત્તરે ચાર પદ પૃથ્વીધર તેના ચાર ખુણા પર ઈશાને આપને આપવત્સ અગ્રી કોણે સાવિત્ર અને સવિતા વાયવ્યે ઈંદ્રિ અને ઈંદ્રજય નૈરૂત્ય ખુણે રૂદ્ર અને રૂદ્ર દાસ સ્થાપના કરવી તેના બહારના ઈશાન કોણુ ઈશ. બાકીના પૂર્વમાં છ પદમાં અનુક્રમે

"Aho Shrutgyanam"

પર્જન્ય જય ઇંદ્રિ સૂર્ય સત્ય અને ભૃશ અગ્નીકોણુના આકાશ દક્ષીણુ દીશાના પદોમાં અગ્ની પૂષા વિતથ ગૃહક્ષત યમ ગંધર્વ ભૃંગ અને મૃગ નૈરૃત્ય કોણુના પદમાં પિતૃ પશ્ચીમના સાત પદોમા અનુક્રમે નંદી સુગ્રીવ પુષ્પ વરૂણુ અસુર શેષ અને પાપયક્ષ્મ વાયવ્ય કોણુના પદમાં રોગ પછીના ઉતર દિશાના સાત પદમાં નાગ મુખ્ય ભલ્લાટ કુબેર શૈલ (ગીરી) અદિતિ દિતિની ઉત્તર દીશાના એકેક પદમાં સ્થાપના કરવી એમ ચારે દીશાના એકેક પદના દેવોના નામ કહ્યા એ રીતે ચોસઠ પદના વાસ્તુના દેવો કહ્યા ૪




હવે એકાસીપદનો વાસ્તુ કહુ છું ક્ષેત્રના ૯ × ૯ = ૮૧ ભાગ કરવા તેમા મધ્યના નવ પદ બ્રહ્માના તેના પૂર્વે છ પદો અર્યમા–દક્ષીણે છ પદો વૈવસ્વત પશ્ચીમે છ પદમાં મૈત્રગણ ઉત્તરે છ પદ પૃથ્વીધર બાકીના ચારે કોણે બબ્બે પદના ઉપરોક્ત કહેલા આઠ દેવો સ્થાપન કરવા સીવાય બ્રહ્માના પૂર્વાદિ ચારે દીશાના દેવો ઉપરોક્ત કહ્યા છે. ૬

હવે સો પદનો વાસ્તુ કહુ છું ક્ષેત્રના ૧૦ × ૧૦ = એમ સો પદના વાસ્તુની રચના કરવી બહારના ચાર ખુણાના પદો દોઢ દોઢ પદના બાકી બહારના એક એક પદના પૂર્વાદિ

"Aho Shrutgyanam"

દીશાએ છ છ દેવો આગળ કહ્યા તે નામના દેવો અકેક પદમાં સ્થાપવા મધ્યમાં બ્રહ્મા સોળ પદના સ્થાપવા તેમની ચારે તરફના પૂર્વાદિની અર્યમાદિ દેવો આઠ આઠ પદમાં સ્થાપવા—બ્રહ્માના પદના ચારે ખુણે બબ્બે પદના આપ આપવત્સ ઈશાનાદિ કોણે એમ આઠ દેવો સ્થાપવા એમ સોં પદના વાસ્તુના દેવોની સ્થાપના કહી છે. ૮




હવે હજાર પદના વાસ્તુનો વિધિ કહુ છું ચોરસ ક્ષેત્રના આડા અને ઉભા ૩૨×૩૨ પદોના કોઠાઓ કરવા ત્યારે ૧૦૨૪ કોઠા પદો થાય તે પદોમાં દરેક ખુણાઓમાં છ છ પદો ત્યાગતાં એમ ચોવીશ પદો ત્યાગતા ૧૦૦૦ પદો બાકી રહે તે હજાર પદના વાસ્તુમાં મધ્યમાં સો પદનાં બ્રહ્માનું સ્થાપના કરવું તેની ચારે દીશાઓમા દશ દશ પદની વીથી (માર્ગ રાખવો બ્રહ્માની ચારે દીશાઓએ ૧૦ × ૮ = એશી પદના અર્યમાદિ ચાર દેવો (કુલ ૧૬૮ પદમાં) સ્થાપવા તેનાથી બહારના ચાર ખુણાઓના ચાર દેવો નવ નવ પદના પૂજવા બાકીના પૂર્વાદિ ચારે દીશાના આઠ આંઠ દેવો પૂજવા એ રીતે એકહજાર ચોવીશ પદનો વાસ્તુ જેને હજાર પદનો વાસ્તુ મેરૂમંદિર કોટિહોમ, જ્યેષ્ટલીંગ કીલ્લા નગર વસાવતા કે મહા-પ્રતિષ્ઠા કરતા હજાર પદના વાસ્તુંનું પૂજન કરવુ. ૧૪

"Aho Shrutgyanam"

## ऊर्ध्ववास्तु

उर्ध्ववास्तु प्रवक्ष्याभि दशभागस्तु विस्तरम् ।
उर्ध्वपंचदशभागे कर्तव्या नात्र संशय ॥१५॥
चतुर्विशपदो ब्रह्मा षट्पदात्वर्यमादयः
आयाद्यष्टो मध्यकर्णे सार्द्ध भाग विवस्थितं ॥१६॥
ईशानश्च अंतरिक्षश्च अग्निखगस्तिमेव च ।
पितृ च तवरोगश्च वायुदिति तवाश्रकं ॥१७॥
सपाद द्वयभागस्तु एकैकश्चतुभागतः ।
चतुर्बिंशति बाह्येषु त्रिपदा च न संशय ॥१८॥
ऊर्ध्ववास्तु समाख्याता ऊर्ध्वतु सुरालयं ।
पीठोदुंम्बर चैव उत्तरंङ्ग तथैव च ॥१९॥
तुल्या दोष तुलाचैव शुकनाशं तथैव च ।
स्कंधं तु कारयेत्वत्स मर्मवेध विवर्जित ॥२०॥

ઉર્ધ્વ વાસ્તુ કહુ છું દશ ભાગ પહોળોને પંદર ભાગનો કરવો તેનો ચોવીશ પદમાં બ્રહ્મા. અર્થમાદિ છ પદના ખુણાનાં દેવોના આઠ ભાગના ખુણા દેવો દોઢ દોઢ ભાગના પૂર્વમાં ઈશાનથી અંતરીક્ષ (આકાશ) દેવો. દક્ષીણે અગ્નીથી પીતૃ અને પશ્ચીમે પીતૃથી રોગાદિ—બને ઉતરે રોગથી દિતિ એમ ચારે દીશાઓમાં બત્રીશ દેવોના પદોની સ્થાપના કરવી. સવા બે ભાગના એકેક વાસ્તુ—અને બહારના ચોવીશ પદના દેવો કહ્યા......... એ રીતે ઉર્ધ્વ વાસ્તુ દેવાલયનો કહ્યો. પીઠ...ઉંબરો ઉતરંગ તુલા પાંટ પીઢીયા છત : શીખરનો શુકનાશ તેનું સ્કંધ બાધણે હે વત્સ ! મર્મવેધ ત્યાગવો. ૨૦

## ९६ पदवास्तु

चतुरश्रीकृतेक्षेत्रे चतुर्दश पद भाजिते ।
मध्ये द्वांत्रिशपदं ब्रह्मा अर्यमा द्वादश स्तथा ॥२१॥
मध्येकर्णे अष्टौ द्विपदा बाह्यौष्टौ सार्ध भागत ।
बाह्य कर्णौभय पक्षैतु नृपादाष्टौ द्विपदा ॥२२॥
भद्रे चाष्टौ द्दिभागंतु शेषाष्टौ षटपदास्मृता ।
वापीकूपतडागेषु पूजयेत् षट्नष्टकं ॥२३॥
ईशानेतु–शिर–शिरं ज्ञेयं पादौ नैऋत्यकोणके ।
कर्पूश चाग्नि वाव्येषु जानुस्तत्रैवकोणके ॥२४॥

"Aho Shrutgyanam"



આગમ મંદિર (પાલીતાણાનું) પ્રવેશ ભાગ
સ્થપતિ પ્રભાશંકર ઓ. સોમપુરા

"Aho Shrutgyanam"




સોમનાથ મહાપ્રાસાદનું સાઈડ ઇલીવેશન
સ્થપતિ પ્રભાશંકર ઓ. સોમપુરા

"Aho Shrutgyanam"

हस्तो च उदरे तस्य पूर्वंयोध अधोंमुखा ।
पूर्वायां ससुरे वाध्ये योवर्षाराज्यसुराकृति ॥२५॥

હવે એકસો છન્નુ પદનો વાસ્તુ કહે છે. ક્ષેત્રના ૧૪×૧૪ ભાગ કરવા મધ્યમાં બત્રીશ પદ રાખવા. તેની પૂર્વાદિ ચારે દીશાએ બાર બાર પદના અર્યમાદિ ૪ દેવો સ્થાપવા. બ્રહ્માના ચારે ખુણે બાર બાર પદના ઈશાનાદિ ચાર ખુણે આય. આયવત્સ આઠ દેવોની સ્થાપના કરવી બહાર ચાર ખુણાના દોઢ દોઢ પદના દેવો આઠ આઠ દેવો ત્રણ ત્રણ પદનાં અને આઠ દેવો બે બે પદના અને આઠ દેવો છ છ પદના કરવા. આ એકસો છન્નુ પદનો વાસ્તુ જળાશ્રયો, વાવ, કુવા, તળાવોની પ્રતિષ્ઠા સમયે પૂજવા ૨૩

ઉંધા વાસ્તુનું માથુ ઇશાન કોણમાં બે જોડેલા પગના તળીયા નૈરૃત્યકોણમાં હાથની કોણી અને પગના ગોઠણો અગ્ની અને વાયવ્ય કોણમાં. તેના હાથો અને ઉદર=પેટ ઉંધા છે. ૨૫

ईश पर्जन्य तं चैव माहेंद्रादिव्य सत्यवं ।
भृशांतं रिक्षाग्नि पूषावि तथो गृहक्षत् यम् ॥२६॥
यम गंधर्व भृगं च मृग पितृ द्रौवारिका ।
सुग्रीवपुष्पदंतश्च वरुणासुरशेषयो ॥२७॥
सागरति सर्व मूताना मंत्रवेध निवासिनं ॥ २३ ॥
तस्मादशगुण्यं पुण्यं नित्य प्रासादि नित्यस ।
तस्य तुल्य दिकपुण्यं कुंडेवात्र वाराणसि ॥ २४ ॥
धर्मार्थ काममोक्षाणां इच्छं प्राप्तोति मानव ॥ २६ मे
इतिकुंड ॥

अथतडागामि

तडागादि प्रवक्ष्यामि षट्भेदे पृथक्युन ॥
बकस्थलान्द्ये येक परिघं यस्यतस्य स्थलद्वयं ॥२५॥
षट्भेदा दधगदंघ वृताकार महासर ।
चंद्रकं चतुरश्र च सुभद्र भद्रसंयुत ॥ २६ ॥
सहस्र दंडे ज्येष्ठतु मध्यम च तदार्धतः ।
कनिष्ट मध्यमार्धेऽ त्रिविध मान दीर्घता ॥ २७ ॥

"Aho Shrutgyanam"

ज्येष्ट पंचाशहस्तेन मध्यमा पंचविंशति ।
कनिष्ठ दि दशहस्ते प्राप्त मानस्य विस्तरे ॥ २८ ॥
ब्रह्मा विष्णु शिव सूर्ये गौरि च गणनायकं ।
दशावतार संयुक्ता द्वारिका च तथा भवेत् ॥ २९ ॥
कोल्हापुर च कैलासं रिषिमि सप्ततंकृतो ।
सर्वेषां धामजं कार्यं शतबंघन संस्थितं ॥ ३० ॥
शरमध्ये जलोदिन शेष खल्व संयुता ।
जिनालय न कर्तव्य यदा वैश्रियमात्मन ॥ ३१ ॥
गंगायमुना च कर्तव्यं प्रवाहा उमयपक्षत् ।
कोर्तिस्थंभ तथाकार्या यज्ञ यूप समन्वित ॥ ३२ ॥

पुण्यविधि

वापिकूय तडागानि वाराणसी च नेकधा ।
उदकं श्लय प्राणपाद्य च कूर्यात्पुण्य महोदय ॥ ३३ ॥
एकादष्टदगमात्रेण च उदके द्वारयेत भूवि ।
षष्टि वर्षं सहस्राणि शिवलोके सगच्छति ॥ ३४ ॥
कूपेषु कोटि वर्षाणि वापि कोटे शतानिच ।
वाराणसी तडागेषु संख्या तस्य निगद्यते ॥ ३५ ॥
नते पतंति संसारे मानवा भवसंकट ।
दिव्यदेह स्थिरि भूयात् यावच्चंद्रार्क तारके ॥ ३६ ॥

इति श्री विश्वयमविवतारे ज्ञानप्रकाश दीपार्णवे जळाश्रयाधिकारे अष्टदशमोऽध्याय. ॥१८

—અથ જલાશ્રયાધિકાર—

શ્રી વિશ્વકર્મા કહે છે. જળાશ્રયો. વાવ કુવા તળાવ અને કુંડોના લક્ષણ કહુંછું તેમાં જળદેવન. બ્રહ્માદિ દેવો જળાશ્રયમાં વસેલા છે. ચાર હાથથી તેર હાથ સુધીના વિસ્તાર પ્રમાણના કુવા કરવા. ૧ **શ્રીમુખ** ચાર હાથનો; પાંચ હાથ પહોળો ૨ **વિજય** છ હાથનો ૩ **પ્રાતઃ** સાતહાથનો ૪ **દુંદુભીં**; આઠ હામનો ૫ **મનોહર**; નવહાથનો ૬ **ચૂડામણી**; દશ હાથનો ૭ **દિગ્ભદ્ર**, અગ્યાર હાથનો ૮ **જય**; બાર હાથનો ૯ **નંદ**; તેરહાથ પહોળો કુવો ૧૦ **શંકર**; નામનો જાણવો ચાર હાથથી ઓછી પહોળાઇ હોય તેને કુઈ કહેવી (૩

**એ રીતે** શોભતા ગોળ કુવા તેના માપ અને નામ કહ્યા નીચે પ્રમાણે ગુણો જાણવ

ઈતિ

"Aho Shrutgyanam"

હવે વાવોના સ્વરૂપ અને નામો કહે છે એક મુખ બે મુખ ત્રણ મુખ અને ચાર મુખોની વાવો તેના નામ અને તેમાં કૂટ (વાવમાં વચ્ચે ચોકીયાળાની) સંખ્યા કહે છે




ચાર પ્રકારની વાવો




વાવનું સેકશન

"Aho Shrutgyanam"

એક મુખની ત્રણ કૂટ વાળી વાવ **નંદાં** નામે જાણવી તે વરદને આપનારી છે બે મુખ અને છ કૂટ વાળી ૨ **ભદ્રા** નામે વાવ જાણવી; ત્રણ મુખ (ઉતરવાના પગથીયા) ને નવ કૂટ વાળી વાવને દેવને દુર્લભ એવી **જયા** નામે જાણવી. ચાર મુખ અને બાર કૂટ વાળી સર્વતો મુખી એવી **વિજયા** નામે વાવ જાણવી (૬) એવી રીતે **નંદાદિ** ચારવાવો શુભ લક્ષણની કહી છે. ઈતિ ચતુર્વાપિ વાવ




## વાવનું તલદર્શન

હવે ચાર પ્રકારના કુંડોના લક્ષણ કહુછું. ચોરસ કુંડ હોય તે ૧ **ભદ્રક**; જે કુંડ ભદ્રવાળો હોય તે ૨ **સુભદ્ર** નામ જાણવું. પ્રતિભદ્ર હોય તે કુંડ ૩ **નંદ** નામે જાણવો જે કુંડના મધ્ય ભાગમાં ભીટ હોય તેનું નામ ૪ **પરિઘ** જાણવું. (કુંડના વચ્ચે જે મોટો પરથાર કરીને અંદર કુંડ કરે તે પરથારને પરિઘ કહે છે) કુંડને ચારે તરફ પ્રવેશ નિર્ગમ પગથીયા પર તવંગ સંવર્ણ યુકત ચોકીઓ કરવી. કુડમા ઉતરવાના પગથીયાના રમાણા ઉંમણીને ભીટ કહે છે. કુંડના મુખ્ય પ્રવેશ દ્વાર ઉપર શ્રીધર નામે એવો ઉત્તમ મંડપ કરવો. કુંડના રમણાના ભીટના ઉચાઈમાં અનેક ગોખલાઓ કરવા. તેમાં જળશાયી, વરાહ, અગ્યાર રૂદ્રો કૃષ્ણ સહીતની દ્વારિકા. દુર્વાસા નારદ વિઘ્નહર, ગણેશ. ક્ષેત્રપાલ, ભૈરવ, ઉમા, મહેશ્વર, કૃષ્ણ શંકરનીયુગ્મ મૂર્તિ, દંડપાણી મહેશ્વર કાંત્યાયની ચંડી–સોમ (ચંદ્ર) ને આદિત્ય. હરિહરપિતામહની ચંદ્રસૂર્યપીતામહ હરિહર હીરણ્યગર્ભ, એવી સંયુક્ત મૂર્તિઓ ગોખલાઓમાં સ્થાપવી વારણસી રૂપ કુંડને તડે પટશાલા કરવી. તેના ક્રમે પરમેષ્ટિત કહેલ છે ચૌદ...એકાદશરૂદ્ર બાર સૂર્યો. વિનાયક કેશવાઆદિ બાર, પંચલીલીયા દેવી. નવદુર્ગા, પાંચ લોકપાલ (૧ ઈંદ્ર, ૨ યમ, ૩ વરૂણ ૪ કુબેરને ૫ બ્રહ્મા) ની મૂર્તિઓ ત્રણ અગ્ની સ્વરૂપ, દશદીગ્પાલ, અષ્ટમાતુકાઓ. દ્વી વિધપતિ (                    ) ગંગા સહીત. વારાણસી રૂપ પદ્મશાને (          ) તેમજ કરવા–કુંડની બહાર ત્રણ બાજુ અને ચારે તરફ બ્રહ્મા વિષ્ણુ અને શીવ આદિના વિવિધ મંદિરો કરવા આવા વિધિયુક્ત કુંડના દર્શનથી વારાણસી તીર્થ જેટલું પુણ્ય મળે છે. આવા કુંડમાં હંમેશાં સ્નાન અને પૂજા કરવાથી ગંગાજીના સ્નાન આદિનું ફળ મળે છે તેના અર્ચન પૂજનથી અંતે મોક્ષ મળે, ગંગા જેટલું પુણ્ય રૂપ જાણવું. આ સંસારમાં આવા તપથી જ્યાં સુધી સૂર્ય ચંદ્રને તારા રહે તેટલા સમય સ્વર્ગ સુખ મળે છે (૨૭)

"Aho Shrutgyanam"




વાપિકાનું સેકશન

"Aho Shrutgyanam"



આગમ મંદિર પાલિતાણા જનરલ વ્યુ. સ્થપતિ પ્રભાશંકર સોમપુરા

"Aho Shrutgyanam"

કૃતયુગમાં નૈમિ તીર્થ-ત્રેત્રા યુગમાં પુષ્કર તીર્થ. દ્વાપરમાં કુરૂક્ષેત્ર, અને કલીયુગમાં ગંગા સ્નાન પ્રશસ્ત જાણવું. ગંગાના કીનારે કુશાવર્તે બીલ્વના નિલપર્વત અને કનકખલ તીર્થમાં સ્નાન કરવાથી પુનર્જન્મ થતો નથી (સ્વર્ગમાં જાય છે મોક્ષ પ્રાપ્તિ થાય છે. યજ્ઞ યાગ તીર્થથી મુક્તી મળે છે ઉર્ધ્વ મુખે મુનીનું તપ સાગરતીર્થથી મંત્ર વેધથી મુક્તિ મળે છે (૨૩) આવા કુંડો બંધાવનાર યજમાનને અને નીત્ય સ્નાનાદિ કરનારને દશ ગણું પુણ્ય પ્રાપ્ત થાય છે. આવા વારાણસી રૂપ કુંડ જેમ પુણ્ય મળે છે. તે મનુષ્યને ઈચ્છિા થાય તેવી પ્રાપ્તી થાય છે. તેમજ તેને ધર્મ અર્થ કામ, અને મોક્ષ પ્રાપ્ત થાય છે. (૨૩)

ઈતિ કુંડાનિ

સરોવર ૬







કુંડ ૪




કુંડનું સેકશન

"Aho Shrutgyanam"

## અથ તડાગ

**તડાગ-સરોવર**ના છ ભેદો કહ્યું છું. તળાવની વચ્ચે એક કે બે બકસ્થળે (પક્ષીઓને બેસવાના) કરવા તેમજ એક કે બે પરિઘ. (તળાવમાં ઉપર પહોળા પટવાળા ચોતરા) કરવા ૧ તડાગ(તળાવ)ના છ નામ ૧ અર્ધચંદ્ર, ૨ વૃતાકાર, ૩ મહાસર, ૪ ચતુરસ ચંદ્રક ૫ સુભદ્ર, ૬ ભદ્ર. એમ તળાવના છ ભેદના નામો કહ્યા છે

હવે તેનું માનપ્રમાણ કહે છે હજાર દંડ (બે હજાર ગજ) નુ તળાવ જેષ્ઠ માનવું; પચાસોં દંડનું મધ્યમાન અને અઢીસો દંડનું કનિષ્ઠ માનનું તળાવ માનવું એ રીતે તળાવની લંબાઇના ત્રણ માન જાણવા. જેષ્ઠ માનના તળાવને પચાસ હાથની મધ્યમાનને પચ્ચીસ હાથની અને કનિષ્ઠમાનને દશ હાથફરતી પાળ પાળીની પહોળાઇનું માપ જાણવુ તળાવ=સર ના ચારે તરફ કાંઠા પર બ્રહ્મા, વિષ્ણું; શિવ, સૂર્ય ગૌરી અને વિનાપાક ય દશઅવતાર સાથે દ્વારકાની રચના કોલ્હાપુર-લક્ષ્મી કૈલાસ સપ્તઋષિઓ આદિ દેવોના ધામો મંદિરો બાંધવા તળાવમાં જળાદીત જળસ્થળ ?)....આવા પ્રકારના સરોવર પોતાનું હિત ઇચ્છિનારાએ સરોવર ફરતા કાંઠે જીનાલય ન કરવા ગંગા અને જમના રૂપી જળાગમના બે પ્રવાહ માર્ગ બાજુએ યજ્ઞ યૂપ સાથે ઉન્નત કીર્તિસ્ભ ઉભો કરવો વાવ કૂપો અને સરોવર એ અનેક વાસાણુસી રૂપ છે તે ખોદાવનારને મહાપુણ્ય પ્રાપ્તિ થાય છે...સરોવર કરાવનાર યજમાન સાઠ હજાર વર્ષ સુધી શિવલોકમાં જાય છે કુવો ખોદાવી બંધાવનાર કરોડ વર્ષ અને વાપી. વાવ ખોદાવી બંધાવનાર યજમાન સો કરોડ સુધી શીવલોકમાં રહે છે વારણુસી સરોવરના યજમાનના પુણ્યની સંખ્યામા સંશય ન કરવો. જળાશ્રય કરાવનાર સંસારના માનવોના (તૃષા) ભવ સંકટ દુર કરે છે તેવા યજમાન દીવ્ય દેહ ધારણ કરી સૂર્ય ચંદ્રને તારા તપે ત્યાં સુધી સ્વર્ગમાં રહે છે.

ઇતિ શ્રી વિશ્વકર્માવતારે જ્ઞાન પ્રકાશ દીપાર્ણવે. જળાશ્રયાધિકારે **પદ્મશ્રી પ્રભાશંકર ઓઘડભાઇ સોમપુરા** શિલ્પ વિશારદે કરેલ ભાષા ટીકાનો અઢારમો અધ્યાય (૧૮)

## ॥ अथ कपिलि ॥ १९

श्रीविश्वकर्मा उवाच अथात संप्रवक्ष्यामी कपिलिमानमुत्तमम्
प्रासादार्धेन मवेद्येष्टा मध्यमाकपदेनतु ॥ १ ॥
जघन्या कोणमानेन सार्धं वाथप्रयोजयेत् ।
ज्येष्ठाच कपिलि यत्र मंडपं नैव कारयेत् ॥ २ ॥
संश्लष्ट चिरोक्ता च ग्रस्तास्ते प्रकार्तिता ।
कउली कोण फरकस्य मंडपां शुभदायका ॥ ३ ॥
कउली कुणसिंह कर्णौषु कर्तव्यतु सदाबुधं ।
प्रासाद कापा मानेन कोणसार्धेन वाथवा ॥ ४ ॥

"Aho Shrutgyanam"




યોગેશ્વર વિષ્ણુ    વિષ્ણુ લક્ષ્મી    યોગેશ્વર શિવ



દિગમ્બર શિવ



નૃત્ય શિવ



શિવ



બ્રહ્મા

"Aho Shrutgyanam"



મહા વરાહ દશાવતાર સહ

"Aho Shrutgyanam"

## સંયુક્ત દેવ સ્વરૂપ



અનંત ભગવન



ત્રૈલોક શિવ



ત્રિલોક ભગવન



હરિહર



શિવ નારાયણ



હરિ હિરણ્ય



હરિહર હિરણ્યગર્ભ



યોગેશ્વર વિષ્ણુ

"Aho Shrutgyanam"

લક્ષ્મી





મહાલક્ષ્મી

"Aho Shrutgyanam"



વિનાયક



વિશ્વકર્મા સાથે જયમય ત્વષ્ટા અપરાજિત



સરસ્વતી

"Aho Shrutgyanam"




દ્વારપાળ-પ્રતિહાર



ચંડિ




પ્રભાશંકર ઓ. સ્થપતિ

શિવ પ્રનાલનો ચંડનાથ

"Aho Shrutgyanam"

૧૨ સૂર્ય આદિત્ય



SUDHATA
सुधाता



MITRA
मित्रा



ARYAMAN
आर्यमणि



RUDRA
रुद्र



VARUN
वरुण



SURYA
सूर्य

"Aho Shrutgyanam"

૧૨ સૂર્ય આદિત્ય



BHAG
भग



VIVASWAN
विवस्वान



PUSPA
पुषा



SAVITA
सविता



TWASHTA
त्वष्टा



VISHNU
विष्णु

"Aho Shrutgyanam"



બેલુર મંદિર કર્ણાટક

"Aho Shrutgyanam"



દ્રાવિડ પ્રાસાદ

"Aho Shrutgyanam"

कपिलि स्थाययेत्प्राज्ञा मंडपं तंत्रकारयेत् ।
अर्धपादे त्रिभागे वा कोणार्धे नैव लंघयत् ॥ ५ ॥
अवात लंधयेद्यग्तु कुलतस्य न विद्यते ।
प्रासादकोण मर्यादा जलांन्तर स्थापयेत्बुधः ॥ ६ ॥
विविधा फालना कार्य कपिलि शुभलक्षणं ।
भद्रे संदेन नकर्तव्य मध्यमद्रे जलान्तरं ॥ ७ ॥
अथात स्थापयेद्यस्तु शिखर दोषदायक ।
मध्ये जलांन्तरं प्राज्ञ कर्तव्यं मंदसंबुद्धै ॥ ८ ॥
राजपीडा भवे तत्र निर्वाण नैव गच्छति ।
कपिलि त्रिविधा ज्ञेया प्रासादे मंडपे स्थिता ॥ ९ ॥
पूर्वोक्त प्रमाणेन कर्तव्यं तु सदाबुधै ।
भूमिभागति शैषात षपालाभंतु गृह्यते ॥ १० ॥
कपिलि कारयेत्प्राज्ञ जलान्तरं नैव कारयेत् ।
प्रासाद कपिला मान वास्तुकर्म सुखावहा ॥ ११ ॥
शत्रुमि प्रलय यांति स्तंभवेधे तथैव च ।
कपिलि वेधये यत्र यमप्रष्टवा सजायते ॥ १२ ॥
प्रजापीडा भवेद्यस्य क्रीडति रगराक्षसा ।
भूतालयं भवेत्स्थानं देवता नैव तिष्ठति ॥ १३ ॥
एवं संरक्षायते प्राज्ञ वेध विज्ञाय यत्नतः ।
प्रासादभद्रहीने तु चानुगे च तथैव च ॥ १४ ॥
अनावृष्टि र्महवात्र प्रजाशैद्र तु जायते ।
हीनाधिक हनेत्स्वामि स्कंधहीने तु बांधव ॥ १५ ॥
नासिके च हनेद्रष्ट्र स्थापकं स्थयक तथा ।
असति स्तंभते वेधन कोणवेधे नृपाभयं ॥ १६ ॥
संविध नागदंतेस्तु कौशल्या च गवाक्ष कै ।
प्रासादेगृहेवापि वेधर्न वेधयेत् ॥ १७ ॥

इतिश्री विश्वकर्मावतारे ज्ञानप्रकाश दीपार्णवे कपिलिअधिकारे एकोनविंशतितमोऽध्याय॥१९॥

"Aho Shrutgyanam"

## અથ કપિલિ અ. ૧૯

વિશ્વકર્મા કહે છે કે ઉત્તમ એવું કપિલનું માન કહ્યું છે-પ્રાસાદ રખાયે હોય તેનું અર્ધ કપિલી કરતી તે જેષ્ઠ માન ગર્ભગૃહના પદ પ્રમાણે કરવી તે મધ્યમાન...ખુણાના માને કરવી તે કનિષ્ઠમાન-તેથી દોઢી પણ કપિલિ કરવી જેષ્ઠમાનની કપિલિ જો કરે તો તેને મંડપ ન કરે (તો ચાલે)...માનથી આઠમા ભાગહીન કરવી. પ્રાસાદના કોણની ફરકે કપિલી કરવી તે સુભદાયક મંડપ.... પ્રાસાદની રેખાના માને કે કોણથી દોઢી કપિલી કરવી તે મંડપ રૂપ જાણવી. તેમા અર્ધા-ભાગેત્રીજા ભાગે કે કોણ રેખાથી અર્ધ ન કરવી. લંઘન ન કરવી જો લંઘન કરે તો યજમાનના કુલનો નાશ થાય પ્રાસાદના કોણ રેખા મર્યાદાએ પાણી-તાર બુદ્ધિમાન શીલ્પીએ પાડવો જુદા જુદા ફાલના કપિલીને કરવાને શુભ લક્ષણ જાણવું (૬) ભદ્રની ફરકે કપિલી ન કરવી તેમ કપીલીના મધ્યમાં પાણીતાર ન પાડવો અથવા જો કરેતો શીખર દોષ કારક થાય. મંદ બુદ્ધિનો શીલ્પી કપિલીના મધ્યે જળાંતર પાડે જો જલાન્તર=પાણીતારપાડે તો રાજ્યનો ઉપદ્રવ થાય ને નિર્વાણગતી ન પામે કપિલિ ત્રણ થાય. 'પ્રાસાદ મંડપમા સ્થીત પૂર્વે કહેલ હંમેશાં બુદ્ધીમાન કરે કરવું ભૂમિ ( ) ભાગ ના લાભ ગૃહણ કરાવે. ૧૦

બુદ્ધિમાન શીલ્પીએ કપિલિને વચ્ચે પાણીતાર. જલાંતર પાડવો નહિ. પ્રાસાદના માનથી કરેલ કપિલિ વાસ્તુકર્મોને સુખ આપનાર જાણવા. સ્તંભ વેધ અને કપિલિ વેધથી પ્રલયકારી એવા શત્રુ ઉભા થાય. યમ દૃષ્ટિ પડે પ્રજાને પીડા થાય. દેવાલયના દેવ ભવનમાં સર્પ રાક્ષસ ક્રીડા કરે ભૂતોનું સ્થાન થાય-એથી વેધ જાણવો. ભદ્રહીન પ્રાસાદ કે ચાનુગ (પ્રતિરથ) વગરનો કરવાથી અનાવૃષ્ટિ ભયંકર રીતે પ્રજા પીડાય-પ્રમાણથી હીન અધિક કરવાથી સ્વામીનો નાશ થાય. શીખરના સ્કંધ હીનવી ભાઇઓનો નાશ થાય. પ્રમાણથી હીન દૃષ્ટિવેધથી સ્થાપક સ્થપતિને આચાર્યનો નાશ થાય. સ્તંભ વેધ અને કોણવેધથી રાજ્ય ભય ઉભો થાય. નાગદંત ગવાક્ષ. પ્રાસાદ કે ગૃહોના વેધથી અનેક વેધ થાય

ઇતિ શ્રી વિશ્વકર્માવતારે જ્ઞાનપ્રકાશ દીપાર્ણવે કપિલિ અધિકારે પદ્મ શ્રી પ્રભાશંકર ઓઘડભાઇ સોમપુરા શીલ્પવિશારદે કરેલા ભાષા ટીકાનો ઓગણીશમો અધ્યાય (૧૯)

## अथ खुल्यायतन श्र २० ॥

अथात संप्रवक्ष्यामि खुल्यायतननुमुत्तमम् ।
कथयामि न संदेह भूमिग्रश्वर लक्षस्य ॥ १ ॥
द्वारमध्ये समाख्यातं धुवसो स्थान मुत्तमम् ।
भिति मध्येषु कर्तव्य सोपानाश्चत्र शोभना ॥ २ ॥
याम्योत्तरा स सोपाना कर्तव्या तत्र पारग ।
सन्मुख चर्मे न तेषां याग्या वर्त तथैव च ॥ ३ ॥

"Aho Shrutgyanam"

याम्योत्तरश्रुङ्गेयं अशुभ चोत्तरा कृतं ।
एवं तु कारयेत्प्राज्ञ भिति मध्ये न संशय ॥ ४ ॥
अर्धपादे त्रिभागेवा पादोनं मधवोच्यते ।
प्रासादस्यसमंज्ञेयं भूमिमाग्रे शिवालये ॥ ५ ॥
खर शिलाय समं प्रोक्त आऽथरसमं ततः ।
जाऽयकुंमस्य विज्ञेय कर्णामालि विशेषत् ॥ ६ ॥
गजपीठं समंज्ञात्वा नरपीठेषु कारयेत् ।
सुस्थानं च समाख्याता भूमिमार्ग शिवालये ॥ ७ ॥
खुरांर्ध विन्यसेत् प्राज्ञ जाडयमानेपु सर्वत् ।
स्वयंभूबाण खलुना पाचताना भवेद्धुध ॥ ८ ॥
द्वौ, द्वौ द्वारो प्रकर्तव्या उपर्यु परि संस्थित ।
मंडपेषु च सोपान यावत् स्थंमस्य सीमया ॥ ९ ॥
खरशिलायां मध्मश्चैव उर्मेर्क प्रकल्पयेत् ।
वास्तु वंशपरित्यन्यं स्थागये च उदंम्बरंम् ॥ १० ॥
पीठाद्य वास्तु जाऽयकुंभै कर्ण मालिपुन स्तथा ।
गजाश्वनरपीठेषु खुरके च तथैव च ॥ ११ ॥
पदार्थेन घंटापादे तु भोगेवा अर्धपादे तु मेव च ।
उदंम्बर कारयेत प्राज्ञा खुल्यायतने संशय ॥ १२ ॥
घटार्धे मस्तके चैव उत्तमेश्च तथैव च ।
भरण्यर्द्ध प्रकर्तव्यं उत्तरंङ्ग भवेत् स्फूट ॥ १३ ॥
पीठ विस्तार मानेन दिक्षुद्वारं चतुष्ठयं ।
विस्तारा द्विगुणंच्छ्रया सार्द्धद्विगुणमेव च ॥ १४ ॥
सिद्धांयतन तिर्थेषु आदिलिंद (स) सर्वतः ।
स्वयंभूवाणा रत्नेषु हूस्ववृद्धि न दूषयेत् ॥ १५ ॥
राजलिङ्गेषु सर्वेषु अर्चायघटितेषु च ।
नन्ताचालनाशे न कर्तव्य अन्यथा दोपदं भवेत् ॥ १६ ॥

इति श्री विश्वकर्मावतारे ज्ञानप्रकाश दीपार्णवे खुल्यायनाधिकारे विंशतितमोऽध्याय ॥२०॥

"Aho Shrutgyanam"

## અથ ખુલ્યાયતન અ. ૨૦

**શ્રી વિશ્વકર્મા** ઉત્તમ એવું (ભૂમિગૃહ ?) ખુલ્લાયતને હવે હું કહું છું. ભૂમિમા તેના લક્ષણ કહું છુ તેમાં સંદેહ ન કરવો. ધ્રુવમાં દ્વારનું ઉત્તમ સ્થાન જાણવું ભિતોંની અંદર શોભીતા એવા સોપાન પગથીયા કરવા. પારંગત એવા શિલ્પિએ ઉત્તર દક્ષીણ પગથીયા કરવા સન્મુખથી ડાબી તરફ વળતા સોપાન કરવા દક્ષિણથી ઉત્તર એવા સોપાન શ્રેષ્ઠ જાણવા પરંતુ ઉત્તરથી સોપાન કરવા તે અશુભ જાણવું એવી રીતે ભીતોમાં સુજ્ઞ શિલ્પીએ કરવું તેમાં સંશય ન રાખવો. ( પાયાની ભીંતના ) અર્ધા ભાગે કે ત્રિજાભાગે કે પોણે ભાગે (સોપાન વિસ્તાર) કરવા પ્રાસાદના જેટલું ભૂમાં ભાગમાં (ભોયરામાં) એવડુંજ શીવાલય કરવુ,

ખર શીલા બરોબર, કે આડતર બરાબર, કે ભડંબા કે કણી બરાબર, ગજપીઠ બરાબર કે નરપીઠ બરાબર એવા સુસ્થાને શિવાલયને ભૂમિમાર્ગ ભોયરૂ કરવું. ખરાના અર્ધ ભાગે જાડંબા બરાબર સ્વયંભુ બાણલીંગ.......

બુદ્ધિમાન શીલ્પીએ કરવું. બબ્બે દ્વાર ઉપરની ભૂમિના સ્થાને કરવા મંડપના સોપાન પગથીયા ચોકીયાળાના સ્તંભની સીમા સુધી કરેલા વાસ્તુવંશ તજીનેઉદમ્બર. મુકતો; પીઠ; દ્વાર; જાડંબો, કણી, ગજપીઠ, અશ્વપીઠ, નરપીઠ તથા ખરાના ઘરે કુભાના ચોથા ભાગે કે અર્ધ ભાગે ભૂમિગૃહનો ઉદય માટે ઉંબરો સુજ્ઞ શીલ્પીએ ખુલ્યાયતને મુકવામાં સંશય ન રાખવો. કુંભાના અર્ધે કે મથાળે ભૂમિગૃહ તે ઉત્તમ જાણવુ. ભરણી ઉપર, ઉતરંગ, મેળવવો, ચારે દીશાના દ્વારો પીડ વિસ્તારના માને મુકવા, પ્રાસાદના વિસ્તાર માનથી બમણી ઉચાઇ કરવી કે દેઢી કે બમણી ઉચાઇ કરવી સિદ્ધ પુરૂષોના આયતને તીર્થ આદિ લિંગ, સ્વયંભૂલિંગ કે બાણલીંગમાં ઓછા વત્તાનો દેષ ન માનવો રાજ લિંગ આદિ સર્વ મૂર્તિ કે ઘટિત લીંગે નિલય (          ) એટલા સ્થાને ન કરવુ બાકી અન્ય સ્થાને દોષને દેનાર જાણવુ (૧૬)

ઇતિ શ્રી વિશ્વકર્માવતારે જ્ઞાનપ્રકાશ દીપાર્ણવે ખુલ્યાયતનાધિકારે અધ્યાય વીશમે પદ્મશ્રી **પ્રભાશંકર ઓઘડભાઇ સોમપુરા** શિલ્પ વિશારદે કરેલ ભાષા ટીકાનો વિશમો અધ્યાય (૨૦)

## अथ वारुणाधिकार ॥ अ० २१ ॥

श्री विश्वकर्मोवाच

अर्थातः संप्रवक्ष्नामि वारुणविधिमुत्तमं ।
जलंतु द्विविधप्रोक्तं घाताले मेघजंतथा ॥ १ ॥
वापिकूपेषु पाताले तडाजेषु मेघजंस्मृतं ।
मांघफाल्गुन योर्मध्ये चैत्र वैशाख घेष्टयोरपि ॥ २ ॥

"Aho Shrutgyanam"

वापिकुपेषु संस्कारं प्रकर्तव्या द्विजोत्तमे ।
आषाढे श्रावणे चैव मासे भाद्रपदश्विने ॥ ३ ॥
कार्तिक्या मार्गशिर्षे च तडागस्य प्रकोर्तित ।
नदी रवाल हृदये चैव समुद्रा सरितास्तथा ॥ ४ ॥
तेषां च नैव संसार रुपदेवि पुराकृतं
तृप्त चैव ततीयं स्नान तर्पण कर्मसु ॥ ५ ॥
वापि कुप तडागेन त्वं ब्राह्मण सप्तमे ।
स्नानं तर्पया पूजने पितरो नैवतृपति–ऋषिदेवास्तथैव च ॥ ६ ॥
मोजिबंध विना विप्रो–ब्राह्मणो तन मिच्चती ।
ससंस्कृत जेचैव पूजता नैव जायते ॥ ७ ॥
तस्मात् सर्वप्रयत्नेने संस्कारं धैव कारयेत् ।
देवता ऋषि पितृश्च पितृगच्छति सर्वदा ॥ ८ ॥
संस्कृते जलत्पाञ्च सर्वतिर्थ फलं भवेत्
लक्ष्मी संताना भोग्य मिप्तितं लंभ्यते पृमान ॥ ९ ॥

इतिश्री विश्वकर्मावतारे ज्ञानप्रकाश दीपार्णवे वारुणाधिकारे एकविशतितमोऽध्याय ॥२१॥

## અથ વારૂણધિક અ. ૨૧

**શ્રી વિશ્વકર્મા કહે છે** હવે હું જળના વરૂણ દેવની ઉત્તમ વિધિ કહું છું જળ બે પ્રકારના એક પાતાળમાંથી નીકળતુ અને બીજુ આકાશાંથી વર્ષતો મેઘઃ વાવ કુવા પાતાળનું જળ અને સરોવર આકાશના મેઘનું જળ–મહા ફાગણ વચ્ચે ચૈત્રને વૈશાખ જેઠ માસમાં વાવ કુવાના દ્વીજમાં ઉત્તમ એવા પાસે વિધિ કરાવવી–અષાડ. શ્રાવણ ભાદ્રપદ અને અશ્વીન અને કાર્તિક માગશર માસમાં સરોવર વિધિ કરાવવી નદી. સમુદ્રને સરિતાના (નદીયો) સંસ્કાર કરી જળ દેવને તૃપ્તિ કરવી. સ્નાન તર્પણ પૂજનથી પીતૃને ઋષિઓને તૃપ્ત કરવા.

મોજી બંધ (                    )                    સંસ્કાર પૂર્વ વિધિથી પૂજન કરવાથી દેવો ઋષિ અને પીતૃ તૃપ્ત થાય છે અને પીતૃ હંમેશ માટે સ્વર્ગમાં જાય. જળમાં સંસ્કાર સુજ્ઞ પુરૂષો એ કરવાથી સર્વ તીર્થનું ફળ મળે છે તેનાથી લક્ષ્મી સંતાન આરોગ્ય અને ઇચ્છીત મન કામના પૂર્ણ થાય છે. ૯

**ઇતિ વિશ્વકર્માવતાર જ્ઞાનપ્રકાશ દિપાર્ણવ વારૂણાધિકારનો પદ્મશ્રી પ્રભાશંકર ઓઘડભાઇ સોમપુરા** શિલ્પવિશારદે કરેલા ભાષા ટીકાનો એકવિશમો અધ્યાય (૨૧)

"Aho Shrutgyanam"

## ॥ अथ जिर्णोद्धार अ २२ ॥

विश्वकर्मा उवाच

जीर्णोद्धार प्रवक्षामि लिङ्गदिना यथा क्रम।
वापि कूप तडाग्रानि प्रासाद मठ वेश्मनः ॥ १ ॥
घ्रे केचि तु देवता सर्वे मात्रु पक्षश्चो भोगिन।
पततिः ततः सर्मं कार्यं प्रासाद मठ वेश्मन ॥ २ ॥
जिर्ण कार्यगणाधिकं अव्यक्तादक्तदं स्थाप्यं।
पार्थिव दारुज मत दारुजं शैल शस्ते ॥ ३ ॥
शैलजा लोहित मंतं
लोहनं तामृततोरुप्यं रुप्यागहेमजं स्मृता।
हेमजा रजनं कार्थे रत्ननामपिजं हितं ॥ ४ ॥
एता ज्ञात्वा प्रयत्नेन जिर्ण कार्य गुणोत्तरं।
प्रभोदं वृद्धि वृद्धिदं पुंसा जीर्ण महत्ययोथेम् ॥ ५ ॥
कोतिहि तथा भग्ना अग्नि स्पर्श समुद्धयेते।
दिग्मुढं नष्टं छदं स्र मर्मस्थानेषु संस्थित ॥ ६ ॥
खंडितं स्फूटित भग्नं च चलितं च चालितं तथा।
पतितं पातये मग्निदग्धा समुद्धरेत ॥ ७ ॥
बाते समाहितं यं च वारिविद्युत न पाततं।
क्षुमितं स्फूटित चैव दोषदुष्ट समुद्धयेत् ॥ ८ ॥
ये यस्य स्थापये तस्य तत् कर्ता नरकंवृजेत्।
धृद्धि सपाद् मध्ये तु तत्हीना करोतिच ॥ ९ ॥
प्रबर्तनं हि द्वाराणा मृत्यका एवंकादयं।
लिंङ्गे च न दातव्या अर्चारुपेण देवता।
प्रभा नष्टा न भोगाय यथा तारा दिवा करौ ॥ १० ॥
शिवाग्रे शिवंकार्यं ब्रह्माणं ब्रह्मण स्तथा।
विष्णोग्रे भवेत् विष्णु जीनेजीन रवे रवि ॥ ११ ॥
चंडिकाये न मात्री यक्षै क्षेत्र तथा भैरव।
स्वनाभिश्चैव विद्या योजस्या हतेक्षणा ॥ १२ ।

"Aho Shrutgyanam"

ब्रह्मा विष्णु रेक नामि द्वाभ्यां दोषन विद्यते ।
शिवाग्रे न चान्यदेवाश्चा द्रष्टि वेधमहाद्भयं ॥ १३ ॥
वर्जयेत् अर्हत पृष्टी मग्रत शिव सूर्यतो ।
पार्श्वये ब्रह्मा विष्णुश्च चंडी सर्वत्रवर्जयेत् ॥ १४ ॥
प्रसिद्ध राजमार्गे च प्राकारान्तर भिवच ।
स्थापये दन्य देवाना (तत्र दोषो न आयते) ॥ १५ ॥
दिग् दोंषोस्तु विवक्त्रव्यो शिव सूर्यों जिनादयं ।
उभयांन्तरे सन्नीनी अश्विता नैत्र नंदीता ॥ १६ ॥
घेष्टेवे सहस्रहस्तेषु बाणपंच शतानि चं ।
स्वयंभु सहस्र हस्तेषु शिवथिर्थोदकं स्मृता ॥ १७ ॥
प्रदक्षणा–एकचंडी रवि सप्त त्रिभिविद्या विनायकं ।
चत्वारो विष्णु देवस्थ शिवस्याध प्रदक्षणे ॥ १८ ॥
जिने वे अग्रे संस्थाने स्तोत्र मंत्रौदिर्चने ।
वृत्वे पृष्टि न दातव्यं सन्मुखो द्वारलंघनं ॥ १९ ॥
स्नानोदकं गुढ मार्गत नकुर्या प्रदक्षणे ।
द्रश्यं न लंघये स्नान हन्तिपुण्य पुराक्रम ॥ २० ॥
मरकत बापालिंगेसु मुक्तज रत्नजयथा ।
अव्यक्त व्यक्त मोक्तं प्रासाद कारयेन्बुध ॥ २१ ॥
शतार्धसुदो देवा स्थापितश्च महोतरे ।
सानिध्य सर्वकालेषु नभवे व्यंग स्फूट तु कथितं तव॥२२॥
आसनैर्मक्षा द्विवापि वाहने पीठ माधिक ।
कंकेणे नुपुरं वापि तांगताधिन त्यजेत् ॥ २३ ॥
विगते श्रूलं देवेषु सर्वपिगदि त्यजेत् ।
अन्यैवक्रा दहतं प्राज्ञं विद्यवंत तत्समाक्षता ॥ २४
समतादन्न द्रव्येषु रजादशगुणाधिषु ।
ताम्रसे शतगुणे प्रोक्त अनंतेशशिकि क्रिया ॥ २५ ॥
इष्ट दशगुणं प्रोक्त दारुजे शतगुणं तथा ।
शैलजे सहस्रगुण तु वास्तु द्रव्य पुण्यं मत ॥ २६ ॥
नवजीर्ण कोटिगुणं जिर्णोद्धारे अनंतकं ।
तस्मात्सर्व प्रयत्नेन जिर्णोद्धारे नु कार्येत् ॥ २७ ॥

"Aho Shrutgyanam"

मान प्रमाण संयुक्त पूर्व सूत्रं न चालयेत् ।
न दोषो आय नक्षत्रादि जिर्णो दिग्मुहकमृम् ॥ २८ ॥
ईद्रशं कारये यस्तु सलमे अक्षयं पदं ।
वापिकूप तडागनि प्रासाद भवनेनि च ॥ २९ ॥
भग्नं समुद्धरे द्वास्तु पुण्य चाष्ट गुणं भवेत् ।
प्रतिमालिङ्ग वेदिना थावद्रेणाशकं भवेत् ।
यावत् कोटि सहस्राणी रुद्रलोके सतिष्टिति ॥ ३० ॥

इति श्री विश्वकर्मावतारे ज्ञानप्रकाश दीपार्णवे जीर्णोद्धाराधिकारे द्वाविंशतमोऽध्याय ॥२२॥

## અથ જીર્ણોદ્ધારાધિકાર અ. ૨૨

**શ્રીવિશ્વકર્મા કહે** છે. લિંગ. પ્રાસાદ મઠ ઘરો અને જળાશ્રયો વાવ કુવા તળાવના જીર્ણોદ્ધાર યથા વિધિ ક્રમથી કહુ છુ એક કે ત્રણ કે સર્વ દેવો અને દેવીઓના મંદિરો પડી ગયેલા હોય તેને પ્રાસાદ મઠ ને ઘરો ગણેશ. વ્યક્ત લીંગ કે (મુખલીંગ) અવ્યક્ત કે બાણુલીંગના મંદિરોના જીર્ણોદ્ધાર કરવો. પાષાણુ કાષ્ટ મીશ્ર કે કાષ્ટ પાષાણુના અષ્ટ ધાતુના પ્રાસાદોનો જીર્ણોદ્ધાર કરવો. અષ્ટ ધાતુ (લોહજ) તાંબા ચાંદીના કે સુવર્ણના રત્ન કે મણીના પ્રાસાદા કે લીંગ એ સર્વનો જીર્ણોદ્ધાર અધિક વાસ્તુ દ્રવ્યથી કરવાથી ઘણું પુણ્ય. પ્રાપ્ત થાય છે ગુણોતર. ઈંટનું હોય તો પાષણનું; પાષણ હોયતો ધાતુનું એમ ગુણોતર કરવુ. મહતર જીર્ણ કરવુ. ખવાઇ ગયેલું, ભાંગેલુ, અગ્નીનો સ્પર્શ થયેલ હોય તો તેમજ તેનો સમુદ્ધાર કરવો. જીર્ણ વાસ્તુ દીગ્મુખ નષ્ટ છંદનુ કે મર્મ સ્થાને હોય તો તેમજ તેનો સમુદ્ધાર કરવો. ખંડિત, ફાટેલુ, ભાંગેલુ, ચલીન થયેલું કે કોઇએ ઉથાપન્ન કરેલ. પાડેલ હોય. અપવિત્ર કરેલું પાડેલું, જીર્ણ, અગ્નીથી દગ્ધ થયેલું હોય, તો પણ તેવા લીંગનો લેપ કરીને તેમજ સ્થીર સ્થાપવું લીંગ કદી ઉત્થાપન ન કરવુ વાયુથી કે [illegible] તથી. પાણીના જોરદાર પ્રવાહથી ક્ષુપિત. કે ફાટેલુ એવા દુષ્ટ દોષ **લીંગને** હોય તો પણ તેમાં ફરી સંસ્કાર કરી સ્થાપન કરવું જીર્ણોદ્ધાર કરવો. જો તેવા લીંગનો ત્યાગ કરવાથી અર્ચ સ્થાપન કરનાર નર્કનો અધિકારી થાય.

પ્રાસાદ જીર્ણ હોય તે મોટુ કરે કે દ્વાર નાનું મોટુ જીર્ણોદ્ધારમાં કરે તો યજમાન મૃત્યુ પામે. જુનું જે માન માપનું હોય તેવડું કરવું, દ્રવ્યાધિક કરવું પ્રમાણાધિક ન કરવું લીંગના આગળ કોઈ પુજાતા દેવ ન સ્થાપવા. જેમ સવારના સૂર્ય ઉગતા તારાનું તેજ નષ્ટ થાય છે. શિવ લીંગની સામે સિવાલય કરવું બ્રહ્માના સામે બ્રહ્માનું વિષ્ણુંની સામે વિષ્ણુનું અને જીનની સામે જીન દેવ પરંતુ ચંડીકાના સામે માતુકાઓ. યક્ષ ક્ષેત્રપાલ ભૈરવના આગળ સ્વનાભિ પોતાપોતાની મૂર્તિઓની સ્થાપના કરવી. તેનું જ મંદિર બાંધવું. દૃષ્ટિ વેધ થવા ન દેવો બ્રહ્મા અને વિષ્ણુ સામસામા એક નાભીથી બેસારી શકાય તેમાં દોષ ન

"Aho Shrutgyanam"



સાંચી બૌદ્ધ સ્તૂપનું તોરણ



પ્રભાસપાટણ જૈન મંદિરનો મંડપ

"Aho Shrutgyanam"



મુંબઇ લાલબાગ જૈન મંદિર સ્થપતિ ભાઇશંકર મો. સોમપુરા

"Aho Shrutgyanam"

જાણવો પરંતુ શિવના મંદિર આગળ અન્ય દેવનું મંદિર સ્થાપવું નહિ, તેથી મહાભય ઉપજાવનારો દોષ ઉત્પન્ન થાય.

જીન તીર્થંકરના મંદિર પાછળ, શીવ અને સૂર્યના મંદિર સામે, બ્રહ્મા અને વિષ્ણુના મંદિરની બાજુ પડખે ઘર ન કરવું, પરંતુ ચંડી દેવીની તો ચારે તરફ નજીકમાં ઘર ન કરવુ. ફરતુ તજી દેવું, પરંતુ પ્રસીદ્ધ રાજમાર્ગ હોય પ્રાકાર ગઢ–કિલ્લોનું અંતર હોય તો અન્ય દેવો સ્થાપન કરવામાં કે ઘર કરવામાં દોષ ન જાણવો ૧૫ દીગમૂઢનો દોષ શિવ સૂર્ય અને જીનાલયને જીર્ણોદ્ધારમાં લાગતો નથી. તેમજ જીર્ણોદ્ધાર કરતા આય નક્ષત્રાદિ ગણીતનો દોષ લાગતો નથી.

જેષ્ઠ લીંગથી હજાર હાથ સુધી, બાણ લીંગથી પાંચસો હાથ સુધી સ્વયંભુથી હજાર હાથ સુધી, શિવ તીર્થોદક પવિત્ર જાણવુ.

દેવ પ્રદક્ષણા કહે છે દેવીને એક પ્રદક્ષણા, સસ્વતી લક્ષ્મીને ત્રણ, ગણેશને પણ ત્રણ, સૂર્યને સાત, વિષ્ણુને ચાર; શિવને અર્ધી પ્રદક્ષણા ફરવી, (પ્રનાલ ઓળંગવી નહિ તેથી અર્ધ પ્રદક્ષણા કરવી) જીનને સન્મુખ સ્તોત્ર મંત્રને પૂજા કરીને પાછા ફરતાં ભગવાનને પુંઠ ન બતાવતાં સન્મુખ (પાછા પગે ફરી) દ્વાર ઓળંગી બહાર નીકળવુ. દેવના સ્નાનનું ગુઢ માર્ગથી (ઢાંકેલથી) કાઢવુ તેના પર થઈને શીવની પ્રદક્ષણા ન ફરવી. પ્રનાલ ઓળંગવાથી પરભવના પુણ્ય હણાય છે. મરકત રત્ન, મુક્તાના, રત્નના, બાણલીંગ. વ્યક્ત (મુખવાળા) કે અવ્યક્ત લીંગનો પ્રાસાદ કરવા તેના પ્રમાણનો દોષ લાગતો નથી.

સો વર્ષ ઉપરના સ્થાપીત દેવો હોય કે મહા પુરુષોના હાથથી સ્થાપીત થયા હોય તે દોષ લાગતો નથી. લીંગ સ્ફુટિત હોય તો પણ તે દેવની સાનિધ્યમાં સર્વ કાળમાં તેથી વેધ દોષ ન જાણવો ખંડીત મૂર્તિ કોને કહેવી? આસન......વાહન. કે પીઠ કંઠણાદિ આભુષણ.......ખંટીત હોય તો દોષ ન જાણવો........

મૂર્તિના અંગ ખંડીત થયા હોય તોજ તેનો ત્યાગ કરવો ધાતુના પ્રતિમાના અંગ ખંડીત થયા હોય તો તે અગ્ન્યાદિથી તપાવી જીર્ણોદ્ધાર કરવો અને તેના ફરી સંસ્કાર કરી તે મૂર્તિની પુનઃ સ્થાપના કરવામાં દોષ નથી.

મૂર્તિ કે પ્રાસાદ કરાવવામાં વાસ્તુ દ્રવ્યથી અધિક વાસ્તુ દ્રવ્યનું કરવાથી પુણ્યોપાર્જન થાય છે. ચાંદીથી દશગણા પુણ્યપ્રાપ્ત થાય છે. ત્રાંબાના સોગણુ, અન્ય ધાતુથી અનંતગણુ; ઇંટથી દશગણુ કાષ્ટથી સોગણું, પાષણથી હજારગણુ; એ પ્રમાણે વાસ્તુ દ્રવ્યથી પુણ્યોપાર્જન જીર્ણોદ્ધારમાં થાય છે.

નવ પ્રાસાદ કરાવનારને કરોડ ગણું અને જીર્ણોદ્ધાર કરાવવાથી અનંતગણું પુણ્ય પ્રાપ્ત થાય છે તેથી પ્રયત્ને કરીને જીર્ણોદ્ધાર કરાવવો.



"Aho Shrutgyanam"

જીર્ણોદ્ધાર કરાવવા તેમા માન પ્રમાણ સાથે જાળવીને અને જુનું જેવું જ હોય તેવડું જ ને તેટલું જ કરવું. પૂર્વ સૂત્ર ન ચળવવુ; જુનામાં આય નક્ષત્રાદિ દીગ્મુઢનો દોષ ન જાણવો એવો જીર્ણોદ્ધાર કરાવવાથી અક્ષય પદનાં પ્રાપ્તી થાય છે વાવો કુવા તળાવ પ્રાસાદો ભવનો ભગ્ન તુટેલા હોય તેનો જીર્ણોદ્ધાર કરાવવાથી નવા કરતાં આઠ ગણું પુણ્ય પ્રાપ્ત થાય છે. પ્રતિમા, લિંગ, વેદી......ના જીર્ણોદ્ધાર કરાવનાર યજમાનો કોટી સહસ્ત્ર વર્ષો સુધી રૂદ્ર લોકમાં વાસ થાય છે ૩૦॥.

ઇતિ શ્રી વિશ્વકર્માવતારે જ્ઞાન પ્રકાશ દીપાર્ણવે જીર્ણોદ્ધારાધિકારે પદ્મ શ્રી **પ્રભાશંકર ઓઘડભાઇ સોમપુરા** શિલ્પ વિશારદે કરેલા ભાષા ટીકાનો બાવીશમો અધ્યાય.

## दीपार्णव

### अथ कीर्ति स्तंभ अ० २३

विश्वकर्मा उवाय

अथातः संप्रवक्ष्यामि कीर्तिस्तंभस्थ लक्षण ।
पुराण भूषणार्थाय राज्ञादि विजया यत्र ॥ १ ॥
वापि कूपतडागानां कुंडांनां पुष्करादिनां ।
ध्वजा स्तत्रैव कर्तव्या सर्व मानेन लक्षयेत् ॥ २ ॥
पुरे च नगरे चैवकोट (कूट) कुर्यात् ध्वजरुहा ।
गजगृहे रथो वापि ध्वजा स्तत्रैव कारयेत् ॥ ३ ॥
कंटका संफ(ल) तव्यज्ञै महाराज ध्वज्तेद्भवा ।
यत्र गजा ध्वजास्तत्र अनेकाकार रुपिणि ॥ ४ ॥
विघातव्या पताकैश्च राज्ञा च मानया ।
संग्राम रोहणे पताका गजरोहे मनोरमा ॥ ५ ॥
वसंतादिकोत्सर्वेषु ध्वज सर्वेषु शोभना ।
नगरे पुरे ग्रामादौ होलिकायां महोत्सवे ॥ ६ ॥
राज प्रवेशे नगरेषु नृत्यमांडो महोत्सवे ।
दिव्य वस्त्र पताका च तोरणेर्युस्वसंमवे ॥ ७ ॥
ततस्ता वाद्यभवने कोटे नित्यं तथैव च ।
कपिशिर्षान्तरे कुर्यात त्रिपचैकमथोच्यते ॥ ८ ॥
प्रतोल्याद्यालयालादि प्राकारे सर्वस्तथा ।
ध्वजामाला कुलसिद्धि कुर्यात्कैलाशोभवा ॥ ९ ॥
अर्क युद्धोद्भव स्थाने पुष्यप्राकार संकुल ।
अष्ट द्विरष्ट द्वांत्रिश दिव्यवस्त्रोद्भवा ध्वजा ॥ १० ॥

"Aho Shrutgyanam"

ध्वजा स्मंभोद्‌भवा कार्या कीर्तिपताकाश्चैव हस्तिषु
जयंतश्च प्रतापरूय कीर्तीनंदो महोत्सव ॥ ११ ॥
एकच्छत्र स्तथा कार्या कीर्तिस्तंभाश्च पंचहि ।
एक विंशति यदा हस्तौ जयंतो नाम नामत ॥ १२ ॥
प्रतापरूय स्तत्र कुयात् त्रयचत्वारि हस्तकं ।
पंचषष्टि यदा हस्त सएव कीर्तिनंदन ॥ १३ ॥
सप्ता शिति हस्तान्तं तु महोत्सवै कीर्तित ।
नवोत्तरशतं हस्तै एकछत्रोद्‌भवा स्तथा ॥ १४ ॥
एवं पंच महास्तंभा मद्दा राज्ञोद्वा पुरे ।
पृथुत्वे चतुर्थांशेन तत्षडांशे न चोर्ध्वत् ॥ १५ ॥
पंचभांशे नाऽधः कुर्यात षडांशोछूय मानत ।
उर्ध्वेषु माऽमर्ध्वतु त्रिचतुष्टय भूमिकं ॥ १६ ॥
(तत् षडांशेन उर्ध्वेषु उद्धमानं त्रिभूमिकम्) ।
वृत्तकारं प्रकर्तव्य घंटा कलश संयुतम् ।
दक्षिणे कीर्ति पताका वामे कीर्ति स्तदर्ध्वत् ॥ १७ ॥
एवं त्रिभूमोद्भवमांड धर्म कीर्ति यशोद्‌भ ।
पीठबंधः स्तत कुर्यातूर्ध्वतस्यैव मेखला ॥ १८ ॥
दीगपाल लोकपालाश्च वसंतानां च महोत्त्सव ।
चतुःषष्टिश्चदेवाना स्वर्गिणात्वेकविंशति ॥ १९ ॥
माढपरि ध्वजा कार्या दंड पताक मर्कटि ।
एवं विधेय कर्तव्य इति कीर्तिस्तंभलक्षणम् ॥ २० ॥
तडाजं च महायज्ञे ध्वजास्तंभ समोद्‌भवा ।
आनंदो दुन्दुभि कान्त श्रीमुख सुमनोहरं ॥ २१ ॥
नव हस्तो भवेदाद्य सप्तदशकरोन्नत ।
तदग्रे कलश कुर्याद् ध्वजावंश समन्वित ॥ २२ ॥
वापिषु दक्षिणे द्वारे ध्वजस्तंभ प्ररोपयेत् ।
पीठबंध सुकर्तव्या एक द्वित्रि करोन्नत ॥ २३ ॥
त्रि हस्त पंच सप्त समुन्नत तदूर्ध्वे कलशं दिव्य ।
कुंडेषु पुष्यरे कूपे ध्वजा स्तंभसमुद्‌भवेत् ॥ ३४ ॥

"Aho Shrutgyanam"

त्रि पंच सप्त हस्तांन्ते उदकांन्तर शतश्रुभं ।
तथा प्राचि मिशान मध्ये विभजे नव भागत् ।
वामे त्रयं परित्यजे दक्षिणे च त्रयत्यनेत् ॥ २५ ॥

इति श्रीविश्वकर्मावतारे ज्ञानप्रकाश दीपार्णवे कीर्किस्तंभाधिकारे त्रयोविशाति तमोऽध्याय ॥ २३ ॥ अपूर्ण

## અથ કીર્તિસ્તંભ અધ્યાય ૨૩

વિશ્વકર્મા કહે છે. હવે હું કીર્તિ સ્તંભના લક્ષણ કહું છું રાજધાનીનું શહેર તેના ભુષણાર્થે. રાજાના વિજય સ્થળે વાવ, કુવા, સરોવર, કુંડ આદિ જળાશ્રયોના સ્થાને. સર્વ માનના લક્ષણ યુક્ત ધ્વજા રોપવી. ત્યાં કીર્તિ સ્તંભ ઉભો કરવો. શહેર, નગર, દુર્ગ ધ્વજા રોપવી–હાથીશાળાએ, રથ શાળાએ, ધ્વજા રોપવી. કંટક રૂપ શત્રુ પરના વિજય સ્થાને, મહારાજ્યની ધ્વજા રોપવી. જ્યાં જેવા સ્થાને અનેક આકાર રૂપની ધ્વજા રોપવી, રાજાના માન વલ્લભ પતાકા રોપવી. સંગ્રામ સ્થાને ગર્જના સાથે વસંતાદિ મહોત્સવાદિ સર્વ સ્થાને, નગર પુર ગ્રામ હોલિકામહોત્સવે. રાજાના નગર પ્રવેશ સ્થાને, નૃત્ય આદ મહોત્સવ સ્થાને દીવ્ય વસ્ત્રની પતાકા અને તોરણો ઉભા કરવા વાદ્ય ભવન=ચોઘડીયાના સ્થાને કોટ કીલ્લાએ ધ્વજા રોપવી. દુર્ગના કપિશિર્ષ=કાંગરાના ત્રણ પાંચના અંતરે પતાકાઓ લગાવવી. પ્રતોલ્યાના સ્થાને, પ્રાકારકીલ્લા, સર્વ સ્થાને ધ્વજા માલા રાજાના કુળની સિદ્ધિ રૂપ કૈલાસ જેમ શોભતી ધ્વજા માલા, યુદ્ધ વિજય સ્થાને, પુષ્પ પ્રકાર ફરતા આઠ સોળ બત્રીશ એમ દીવ્ય વસ્ત્રોની પતાકાઓ રાખવી એમ ધ્વજા સ્તંભોને પતાકા રોપવી.

હવે કીર્તિ સ્તંભના હસ્ત પ્રમાણ કહે છે. ૧ જયંત, ૨ પ્રતાપાખ્ય; ૩ કીર્તીનંદન ૪ મહોત્સવ, ૫ એક છત્રોદ્ભવ. એમ પાંચ કીર્તિસ્તંભ કહ્યા છે એકવીશ હાથના જયંત નામે કીર્તિ સ્તંભ જાણવો તેત્રાલીશ ૪૩ હાથના ઉદય માનનો પ્રતાપોદ્ભવ. નામે સ્તંભ જાણવો, પાંસઠ હાથ ઉદય માનનો કીર્તિનંદન નામે કીર્તિ સ્તંભ જાણવો. સત્યાશી ૮૭ હાથના ઉદયયાનનો મહોત્સવ કિર્તિના નામે કીર્તિ સ્તંભ જાણવો, એકસોને નવ હાથ ઉદય માનનો એકછત્ર નામે કીર્તિસ્તંભ જાણવો એમ પાંચ મહાસ્તંભો મહારાજાના નગરે ઉભા કરવા. સ્તંભની જાડાઈ ચોથા ભાગની નીચે અને ઉપર છઠ્ઠા ભાગની જાડાઈનુ માન રાખવુ–ઉપરના માળના મધ્યમાં ત્રીજા ચોથા કે આઠમા ભૂમિ માળે. ઉપર છઠ્ઠા ભાગે ત્રીજી ભૂમિ માળે રાખવી ગોળ આકારના કરવો તે પર ઘંટા કળશ સાથે કરવી જમણી તરફ કીર્તિ પતાકા અને ડાબી તરફ કીર્તિ સ્તંભના અર્ધે...એમ. ત્રણ ભૂમિના માળનો કીર્તિસ્તંભ ધર્મકીર્તિ અને યશને દેનાર જાણવો કીર્તિસ્તંભને ફરતુ પીઠ બંધ કરવુ તે પર મેખલા તેને કરવી દીગ્પાલ, લોકપાલ, મહોત્સવના સ્થાને દેવ ચોસઠ દેવો......... એકવીશદેવોના સ્વરૂપો કરવા. માઢ ઉપર

"Aho Shrutgyanam"

ધ્વજા દંડ પતાકા મર્કટી સાથે કીર્તિ સ્તંભ એવી વીધીથી સ્થાપન કરવી.

ઇતિ કીર્તિ સ્તંભ લક્ષણ

૨ સરોવરના કાંઠે. મહાલયના સ્થાને. ધ્વજા સ્તંભો પાંચ નામના રોપવા ૧ આનંદ નવ હાથનો, ૨ દુદુભિ ૧૧ હાથનો, ૩ કાન્ત તેર હાથનો, ૪ શ્રી મુખ પંદર હાથ, ૫ મનોહર સતર હાથનો ઉદય માનના સ્તંભો કરી તે ઉપર કળશ ધ્વજા દંડ. આદિ રોપવા

૩. વાવના દક્ષિણે દ્વારે ધ્વજા દંડ રોપવા એક બે કે ત્રણ હાથ ઉંચું પીઠબંધ સુંદર બનાવવું. તે ધ્વજા દંડ. ત્રણ પાંચ સાત હાથ ઉદય માનનો કરી તે પર દીવ્ય કળશ સ્થાપન કરવો

૪ કુંડ ને પાણીના કુવા પાસે ધ્વજા સ્તંભ રોપવો. ત્રણ પાંચ સાત હાથને ઉદ કાન્તર શને ( ) તે ધ્વજા દંડ કુંડની સૂચિના પૂર્વથી ઇશાન વચ્ચે નવમા ભાગે રોપવો ડાબી તરફ ત્રણ ભાગ તજીને જમણી તરફ ત્રણ ભાગતજીને ધ્વજા દંડ રોપવો.

ઈતિ શ્રી વિશ્વકર્માવતારે જ્ઞાનપ્રકાશ દીપાર્ણવે કીર્તિસ્તંભાધિકારે ત્રયોવિંશતિ તમો ધ્યાય. ॥ ૨૩ ॥

પદ્મશ્રી સ્થપતિ પ્રભાશંકર ઓઘડભાઈ સોમપુરા શિલ્પ વિશારદે કરેલ સટીક ભાષાનુવાદનો ત્રેવીશમો અધ્યાય ॥ ૨૩ ॥

અપૂર્ણ

"Aho Shrutgyanam"

दीपार्णव अ० ६ ॥ गर्भगृह प्रमाण ॥ राजस्थाननी प्रतोमांथी

विश्वकर्माउवाच

गर्भगृह प्रमाणं च कथयामि यथार्थत् ।
कुंभी कुंभ के ज्ञात्वा स्थंभ चैव तु उद्गमे ॥ १ ॥

भरणी भरणकं ज्ञात्वा कणोताली तथा शिरं ।
खुटछाद्य सूत्रेण कूर्यात् पटस्यपेटक ॥ २ ॥

गर्भ व्यास षडांशेन सपादो सार्द्ध मेव च ।
पादार्द्धे उदयं चैव ज्येष्ट मध्य कन्यसं ॥ ३ ॥

तदुदयं मष्ट भुक्तं भागे चैके न कुंभिका ।
स्तंभ पंच सार्द्धेन भागार्द्धं भरणं भवेत् ॥ ४ ॥

शरंच भाग मेकंतु सार्द्धपट समुछ्रयं ।
गर्भ व्यासार्द्ध भानेन कुर्यात यदा शिलोदयं ॥ ५ ॥

दर्दरिका त्रय कर्तव्या पंच सप्तं मथोच्यते ।
अन्येन व प्रकारेणे कुर्यात गर्भगृहेछ्रयं ॥ ६ ॥

उदंम्बरं ततो वत्स कुंभकान्त ततो ज्ञय ।
अर्धपादे त्रिभागे वा चतुर्विध उदंम्बरम् ॥ ७ ॥

उदंम्बराद्धि प्रकर्तव्या गर्भस्यगृहभूमक ।
द्वार विस्तार त्रीभागेन मध्य भागे मंदारिकं ॥ ८ ॥

वृत मंदारीकं कार्यं पद्ममृणालसंयुतं ।
मूलनासिकंयोर्मध्ये स्थापये च उदंम्बर ॥ ९ ॥

मूलनासिकांत शाखायां समसूत्रविचैक्षणं ।
अर्धचंद्र प्रवक्ष्यामि (ज्जिव्योक्तं) लक्षणान्वितं ॥ १० ॥

द्वारस्य विस्तरार्धेन कर्तत्य तस्य निर्गमं ।
निर्गम द्विण दीर्घ कारयेत् विचक्षणं ॥ ११ ॥

क्षिभाग ( हतव्य ) ततो वृत्ते च आमत ।
शंखयुत समायुक्त पद्माकारलंकृता ॥ १२ ॥

गगारकं याम्योत्तरे तस्या चैव तु पादया ।
शंखनाभोद्भवा मध्ये गगारको मया निर्गत् ॥ १३ ॥
यत्फलं अर्धचंद्रंच सर्वकामफलं प्रदं ॥

इतिश्री विश्वकर्म्मावतारे वास्तुविद्यायां ज्ञानप्रकाश दीपार्णवे गर्भगृहाधियारे षष्टमोऽध्याय ॥६॥

"Aho Shrutgyanam"

## રાજસ્થાનની પ્રતનો દ્વારમાનનો અધ્યાય

## વિશ્વકર્માકૃતે દીપાર્ણવનો છઠ્ઠો અધ્યાય

વિશ્વકર્મા કહે છે હવે હું ગર્ભગૃહનું યથાર્થ પ્રમાણ કહુ છું. ગર્ભગૃહની કુંભી મંડોવરનાં કુંભાનાં સમસૂત્રે રાખવી સ્તંભ દોઢીયાના સમસૂત્રે ભરણુ કે પાળના થરે ભરણીના થરે કૂટ છાદ્ય અને પાટના સમસૂત્રે છજ્જુ રાખવું. ગર્ભગૃહનો પહોળાઈનો છઠ્ઠાભાગના સવાયા દોઢા કે ચોથા ભાગે ઉપર ઉદય રાખવો તે જ્યેષ્ઠ મધ્યને કનિષ્ટમાન જાણવું. ઉદય ઉભણીના આઠ (સાડા નવ) ભાગ કરવા એક ભાગ કુંભી–સાડા પાંચ ભાગ સ્તંભ–અરધા ભાગનું ભરણુ એક ભાગનું સરૂ એમ આઠ ભાગ અને દોઢ ભાગનો પાટ ભારવટ કરવો (કુલ સાડા નવ ભાગ.)

ગર્ભગૃહની પહોળાઈનું અર્ધ કલાડીયા ઘુમટની ઉચાઈ કરવી તે વિતાન ઘુમટમાં ત્રણ પાંચ સાત દાદરીના થરોથી ઢાંકવો એ રીતે ગર્ભગૃહનું માન જાણવું (૬)

ગર્ભગૃહનો ઉબરો કુંભી બરાબર સમસૂત્રે રાખવો તે પ્રથમ માન કુંભાની ઉચાઈથી અર્ધા ભાગે કે ત્રીજા ભાગે કે ચોથા ભાગે એમ ચારપ્રમાણથી ઉબરો ગાળવો.

દ્વારની પહોળાઇથી ત્રીજા ભાગે ગોળ માણું ઉમરાનું કરવું તે ગોળ માણું કમળ પદ્મથી શોભતું કરવું મૂળ પ્રાસાદના ફરકે ઉબરો રાખવો અને શાખાઓમાં પત્રશાખા મૂળ પ્રાસાદ ફરકે રાખવી.

હવે અર્ધચંદ્ર (શાખા દ્વાર)નું પ્રમાણ કહું છું દ્વારની પહોળાઇના અર્ધ ભાગે અર્ધચંદ નીકળતો રાખવો દ્વાર વિસ્તારના ત્રીજા ભાગે અધચંદ્ર ગોળ કરવો તેની બે બાજુ ડાબે જમણે ગગારા કરવા ગગારા શંખ પદ્મથી શોભતા કરવા. શંખના ગાળામાં ગગારકના વચ્ચે કમળદંડ કરવા એવો અર્ધ ચંદ્ર કરવાથી સર્વકામનાનું ફળ આપે છે.

ઈતિશ્રી વિશ્વકર્માવતારે વાસ્તુવિદ્યાના જ્ઞાનપ્રકાશ દીપાર્ણવનો ગર્ભગૃહ અધિકારનો રાજસ્થાન પ્રતનો છઠ્ઠો આધ્યાય.

પદ્મશ્રી સ્થપતિ પ્રભાશંકર ઓઘડભાઈએ કરેલ ગર્ભગૃહાધ્યાયનો સટીક ભાષાનુવાદ.

અપૂર્ણ

"Aho Shrutgyanam"

## पद्मश्री प्रभाशंकर ओघडभाई सोमपुरा शिल्पविशारद द्वारा संपादित शिल्प स्थापत्य के ग्रंथो के प्रकाशन

| | | रु. |
|---|---|---|
| १ | दीपार्णव गुजराती अनुवाद | ५० |
| ३ | दीपार्णव उतरार्ध गु. ,, | २५ |
| ३ | क्षीरार्णव ,, हिन्दी अनुवाद | २५ |
| ४ | प्रासाद तिलक गुज अ० | १५ |
| ५ | वास्तुसार गुज अ० | १६ |
| ६ | प्रासादमजरी गुज अ | ७ |
| ७ | प्रासादमंजरी हीन्दी अ | ७ |
| ८ | वेधवास्तु प्रभाकर गु. ही. अ. | १२ |
| ९ | जीन दर्शन–शिल्य गुजराती | १२ |
| १० | वास्तुनिघंटु (शब्दकाश) गुजराती | २५ |

| | | | रु. |
|---|---|---|---|
| ११ | चारतुकलानिधि<br>Albam of Indian Areitecturl Dis. | | |
| १२ | प्रतिमाकलानिधि<br>Albam of Hindu Econographi | | |
| १३ | वास्तुतिलक संस्कृत अं. | In Prees | ४० |
| १४ | प्रासादमंजरी अं० | In Prees | २५ |
| १५ | वृक्षीर्णव | | ५० |
| १६ | जंयपृच्छावास्तु शास्त्र | In Prers | ३५ |
| १७ | वास्तुविद्या | In Prers | ३५ |
| १८ | भारतीयदुर्गा विधान | સોમૈયા પબ્લી. મુંબઈ. | ३६ |
| १९ | भारतीयशिल्प संहित | સોમૈયા પબ્લી. મુંબઈ. | १२६ |
| २० | शिल्पबालावबोध | | ७ |

"Aho Shrutgyanam"



ગણેશપુરી (વજ્રેશ્વરી) (જીલ્લા થાણા)

"Aho Shrutgyanam"




પંચજીવ: કીર્તિમુખ, મકર, નાગ, વિરાલિકા, ગ્રાસ

"Aho Shrutgyanam"




આયતન




ચતુર્મુખ
આયતન

"Aho Shrutgyanam"




એક સો આઠ આયતન ચતુર્મુખ મહાપ્રાસાદ તળદર્શન

"Aho Shrutgyanam"



આબુ માઉન્ટના મંદિરનો મંડપ

"Aho Shrutgyanam"



આબુ માઉન્ટના મંદિરનું રૂપશાખાનું દ્વાર

"Aho Shrutgyanam"



ખજુરાહો કંડર્ય મહાદેવનું મંદિર (મધ્ય પ્રદેશ)

"Aho Shrutgyanam"



ઉદયેશ્વરનું શીવ મંદિર (માળવા ભૂમિજપ્રાસાદ)

"Aho Shrutgyanam"